## બજારોમાં અવનવી પિચકારીઓનો ખજાનો હોય સૌ કોઈ ખૂશ


# અમરેલી જિલ્લામાં ધૂળેટીનાં તહેવારને લઈને જબ્બરો ઉત્સાહ

**જિલ્લાનાં અર્થતંત્રમાં હોળી, ધૂળેટીનાં તહેવારને લઈને તેજીનો માહોલ ઉભો થયો**

**નુકસાનકારક કલરને બદલે હર્બલ કલરની ડિમાન્ડ વધી રહી છે**

**સ્કૂલબેગ પિચકારી, ગન પિચકારી અને રેગ્યુલર સહિતની પિચકારીઓ જોવા મળી રહી છે**

**હિન્દુ સમાજનાં દરેક તહેવારો એટલે રોજબરોજની જીંદગી વચ્ચે તાજા-માજા થવાનો સમય**






અમરેલી, તા. ૨

સોમવાર તથા મંગળવારે હોળી અને બુધવારે ધૂળેટીના રંગોત્સવ લોકો ઉજવશે ત્યારે અમરેલી શહેર અને જિલ્લાની બજારો પણ રંગબેરંગ બની ગઈ છે અને અવનવી પિચકારીઓ તથા રંગબેરંગી કલરના વેચાણ માટે ઠેર ઠેર સ્ટોલ ખૂલી ગયા છે. સમગ્ર જિલ્લામાં હોળીના તહેવારોમાં પિચકારીઓ અને કલરનું રૂપિયા ૧ કરોડથી પણ વધારેનું ટર્નઓવર છે. ત્યારે ધુળેટી તહેવારના અંતિમ દિવસોમાં સૌથી વધારે ખરીદી થઈ રહી છે.

અમરેલી જિલ્લો પણ આ હોળી–ધુળેટીના તહેવારોની ઊજવણી માટે સજ્જ થઈ ગયો છે. અમરેલી શહેર અને જિલ્લામાં અવનવી પિચકારીઓ તેમજ કલર બજારમાં વેચાણ માટે આવ્યા છે. નાના વેપારી દ્વારા હોલસેલના વેપારીઓ પાસેથી જથ્થાબંધ રીતે કલર તથા પિચકારીના માલની ખરીદી કરવામાં આવતી હોય છે. અમરેલી જિલ્લામાં ધૂળેટી સુધીમાં પિચકારીઓ, કલરનું ટર્ન ઓવર રૂપિયા ૧ કરોડ સુધી પહોંચી જાય છે.

આ અંગેની વધારે વિગતો આપતા વેપારીએ જણાવ્યું હતું કે, નાના બાળકો ધુળેટીમાં પિચકારીઓથી રમતા હોય છે અને યુવાનોમાં કલરથી રમવાનો ક્રેઝ છે. અનેક પ્રકારની પિચકારીઓ હાલ બજારમાં આવી છે અને કલરોમાં પણ અનેક પ્રકાર છે. તેમાં ખાસ કરીને લોકોના શરીરમાં નુકસાન ન પહોંચાડે તેવા હર્બલ કલરની ડિમાન્ડ લોકોમાં વધારે છે. નુકસાનકારક કોસ્મેટીક કલરો મુદ્દે લોકો હવે જાગૃત થયા છે. જુદા જુદા કલરોની સાથે સાથે કલર ઊડાવવા માટેના ગુબ્બારાઓ પણ છે. જેમાં કલર ભરીને કોઈપણ વ્યક્તિ ઉપર નાખવાથી તે ફૂટીને તે વ્યકિતને કલરથી રંગી નાખે છે. નુકસાન ન કરતા કલર રૂપિયા ૧૦થી ૫૦ રૂપિયા સુધીમાં મળી જાય છે.

રાજુલા ખાતે હોળી–ધૂળેટી પર્વે શહેરીજનો અવનવી પિચકારી, દાળિયા, ખજુર, મમરા, ધાણીની ખરીદીમાં ઉમટતા બજારોમાં રોનક જોવા મળી રહી છે.

અમરેલી શહેરમાં ટાવર રોડ, રાજકમલ ચોક આસપાસનો વિસ્તાર, બસ પોર્ટ આસપાસનો વિસ્તાર, લાઈબ્રેરી રોડ, લાઠી રોડ, ચિત્તલ રોડ, ચક્કરગઢ રોડ, સાવરકુંડલા રોડ, જેસિંગપરા સહિતના વિસ્તારોમાં પીચકારી અને કલરના વેચાણના સ્ટોલ ખૂલી ગયા છે. અમરેલી શહેર ૧૦૦થી પણ વધારે ગામોના લોકોની ખરીદી માટેનું મુખ્ય કેન્દ્ર છે.

આ વખતે બજારમાં પિચકારીમાં પણ બાળકોને પસંદ પડે તે અનુરૂપ અનેક પ્રકારની વેરાયટીઓ આવી છે. રૂપિયા ૧૦થી માંડીને રૂપિયા ૫૫૦ની એક એવી પણ પિચકારી ઉપલબ્ધ છે. ખાસ તો સ્કૂલ બેગની જેમ પહેરી શકાય તેવી, ગન પિચકારીઓ, રમકડાવાળી પિચકારીઓ અને રેગ્યુલર પિચકારીઓ છે તેમાં અમરેલી શહેરમાં સૌથી વધારે છે. આ વખતે ઈલેકટ્રીક લાઈટવાળી પિચકારી, મલ્ટી ફૂવારા થાય તેવી ગન પણ બજારમાં વેચાણ માટે આવી છે.

અમરેલી જિલ્લામાં દાહોદ, ગોધરા તથા પરપ્રાંતિય સહિતના વિસ્તારોમાંથી ખુબ જ મોટી સંખ્યામાં શ્રમિકો આવે છે. તેઓ દુનિયાના ગમે તે ખૂણામાં હોય પણ હોળીનો તહેવાર તો પોતાના વતનમાં જ મનાવતા હોય છે. આથી આ શ્રમિકોએ અગાઉથી જ પોતાના વતન જવા માટેનું પ્રયાણ શરૂ કર્યુ હતું અને હવે હોળી પૂરી થયા પછી જ પરત ફરશે. આથી હાલમાં અમરેલી જિલ્લામાં જુદી જુદા પ્રોજેકટની કામગીરીમાં શ્રમિકો મેળવવા પણ મુશ્કેલ બન્યા છે.

---

### આગામી ૬ માર્ચનાં રોજ ૧૧૦૦ વકીલો મતદાન કરવાનાં હોય

## અમરેલી જિલ્લામાં બાર કાઉન્સીલની ચૂંટણીમાં જિલ્લા ચૂંટણી અધિકારી તરીકે એડવોકેટ જે.આર. વાળાની નિમણુંક

**સમગ્ર રાજયમાં ૬૬ હજાર વકીલો મતદાન કરશે**



અમરેલી, તા. ૨

ગુજરાત બાર કાઉન્સીલ ગુજરાતનાં હોદ્દેદારોની આગામી ૬ માર્ચે ચુંટણી યોજાઈ રહી હોય અમરેલી જિલ્લાનાં ચુંટણી અધિકારી તરીકે એડવોકેટ જે.આર. વાળાની નિમણુંક કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં કુલ ૫ પોલીંગ સ્ટેશન છે. જેમાં અમરેલી, સાવરકુંડલા, રાજુલા, બગસરા અને ધારી જેમાં કુલ ૧૧૦૦ વકીલો વોટીંગ કરશે. આખા ગુજરાતમાં કુલ ૬૬,૦૦૦ વકીલો મતદાર છે. આવનારી તા. ૬/૩/૨૬નાં રોજ કેમેરાની નજીક સાથે થશે. આખા ગુજરાતમાં કુલ ૯૯ ઉમેદવારો લડી રહ્યાં છે. ૨૫ વકીલો જીતશે. જેમાં ૫ મહિલા અનામત સીટ છે તેમજ ૨ સીટ (કોપ) કરવાની હોય તથા ૧૮ પ્રમુખ ઉમેદવારો માટે છે. આગામી તા. ૬/૩/૨૬નાં રોજ બાર કાઉન્સીલ ગુજરાતનું ભાવી નેતૃત્વ નકકી થશે.

---

### અમરેલી જિલ્લામાં તંત્રની બેદરકારીનાં લીધે માર્ગ અકસ્માતમાં વધારો

# લીલીયા મોટા : ગુંદરણ ગામ નજીક ૪ સવારી બાઈક ટ્રક પાછળ ઘુસી જતાં ૨ કિશોર સહિત ૩ નાં મોત થયા

**ધુમ સ્ટાઈલમાં બાઈક ચલાવો, મનફાવે તેટલા વ્યકિતઓ મુસાફરી કરે કોઈ પુછવાવાળુ જ નથી**



અમરેલી, તા. ૨

લીલીયા તાલુકાના ગુંદરણ અને ઢાંગલા ગામ વચ્ચે ગત સાંજે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક અજાણ્યા ટ્રક પાછળ બાઈક ધડાકાભેર અથડાતા આ સર્જાયેલી દુર્ઘટનામાં બે કિશોર અને ૧ યુવક સહિત કુલ ૩ લોકોના ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતાં. જયારે અન્ય એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતા તેને સારવાર અર્થે પ્રથમ લીલીયા અને વધુ સારવાર અર્થે અમરેલી રિફર કરેલ છે.

આ બનાવમાં પ્રાપ્ત વિગતો અનુસાર લીલીયા તાલુકાના ઢાંગલા ગામની સીમમાં વાડીમાં ભાગ્યા તરીકે કામ કરતા પરપ્રાંતીય શ્રમિક પરિવારના ૪ સભ્યો એક જ મોટર સાઈકલ નં. જી.જે.–૦૬ કેઈ–૩૯૫૪ ઉપર થઈને જઈ રહ્યા હતા. ગઈકાલે રાત્રિના અંધકારમાં ગુંદરણ અને ઢાંગલા વચ્ચે આગળ જઈ રહેલા એક ટ્રક નં. જી.જે.–૧૪ ઝેડ–૨૭૪૯ પાછળ મોટર સાઈકલ ઘૂસી ગઈ હતી. અકસ્માત એટલો ભીષણ હતો કે બાઈક સવાર યુવાનોને બચવાની તક પણ મળી નહોતી.

આ અકસ્માતમાં ૧૨ વર્ષીય કિશોરની ખોપડી ફાટી જતાં તેનું સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નિપજયું હતું. આ અકસ્માતમાં જયેશ બરસિંગ (ઉં.વ. ૧૭), હેમરાજ સવેલ સિંગ (ઉં.વ. ૧૪), રઈલેશ સવેલ સિંગ (ઉં.વ. ૧૨) ના મોત નિપજયા હતાં ત્યારે સુનીલ સવેલ સિંગ (ઉં.વ. ૧૮) ગંભીર ઈજા થતાં પ્રથમ લીલીયા સિવિલ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર અર્થે અમરેલી રિફર કરેલ છે. આ તમામ શ્રમિકો મૂળ મધ્યપ્રદેશના વતની છે પરંતુ છેલ્લા ૧૬ વર્ષથી આ વિસ્તારમાં સ્થાયી થઈ ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. એક સાથે ત્રણ યુવાનોના મોતથી પરિવારમાં હૈયાફાટ રૂદન ફેલાયું છે.

આ ઘટનાની જાણ થતા જ લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાળુંકે તેમજ પી.એસ.આઈ. વાય.એમ. જાડેજા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે લીલીયા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડી વાહનચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

---

### પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાનો આક્ષેપ

## વીજપડી સરકારી પ્રાથમિક શાળામાં શિક્ષકોની અનિયમિતતા

**ઉચ્ચ અધિકારીઓ યોગ્ય કરે તેવી માંગ**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા તાલુકાની વીજપડી સરકારી પ્રાથમિક શાળામાં સવારની શીફમાં ચાર અને બપોરની શીફટમાં પાંચ શિક્ષકો તા. ૨૧/૨/૨૬ને શનિવારના જોવા મળ્યા હતાં ત્યારે સવાલ ઉઠે છે કે રજા ઉપર કેટલા ? તાલિમમાં કેટલા ? જિલ્લા સતાવાળાઓએ વીજપડીની તમામ સરકારી કચેરીઓમાં તપાસ કરવાની ખાસ જરૂરત છે આ માટે પોતાની ચેમ્બરમાંથી બહાર આવવાની ખાસ જરૂરત છે.

તા. ૨૧/૨ ને શનિવારનાં જાગૃત નાગરિકો દ્વારા સ્થળ તપાસ કરાવતાં ઉપરોકત હકિકત બહાર આવવા પામેલ છે. બન્ને શીફટમાં કુલ નવ હાજર પૈકી કોઈ સહી કરીને વહેલાસર જતાં રહ્યા હોય કે સહીને તુરંત જતાં રહ્યા હોય તે બાબત પણ અલગ તાલુકા પંચાયત શિક્ષણ શાખામાં કેટલાક શિક્ષકો વારંવાર બેઠેલા જોવા મળે છે. જેથી જિલ્લા મથકેથી આવતીકાલે સવારે કોઈ તપાસમાં આવે તો ખ્યાલ આવે કે ગેર હાજર શિક્ષકો ખરેખર કયાં હતા ? આગલા દિવસે રજા રીપોર્ટ આપીને જતા રહ્યા હતા તો તેવી સંખ્યા કેટલી ? ખરેખર તો બાયોમેટ્રીક થમ્સ સીસ્ટમ તથા જિલ્લાભરની તમામ શાળાઓમાં સી.સી.ટી.વી. કેમેરા લગાવવાની ખાસ જરૂરત છે. કમાન્ડ એન્ડ કન્ટ્રોલ રૂમ કાર્યરત છે પરંતુ પરિણામ શું ? ખરેખર તો જિલ્લા પંચાયત શિક્ષણ શાખાએ રાષ્ટ્રવાદી કેળવણીકાર મનજીબાપા તળાવીયા જેવી હસ્તીને સ્પેશ્યલ ઓફીસર તરીકે નિમણુંક કરવાની ખાસ જરૂરત છે, તેમ એક નિવેદનમાં યાકુબ રસભર્યાએ જણાવેલ છે.

---

### વિજયાબેન ટાંક નામની મહિલાના મકાનમાં ઘુસ્યા

## ધારીનાં ત્રંબકપુર ગામે ૨ ઈસમોએ ધોળે દિ'એ ઘરમાં ઘુસી સોનાનો ચેઈન ઝુંટવી લીધો

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨

ધારી તાલુકાનાં ત્રંબકપુર ગામે રહેતા વિજયાબેન રમેશભાઈ ટાંક નામનાં ૫૮ વર્ષીય મહિલા ગત તા. ૨૮ ના રોજ સવારનાં આશરે ૧૦ વાગ્યે પોતાનાં ઘરે હાજર હતા. ત્યારે કોઈ અજાણ્યા બે ઈસમો ગુન્હો કરવાના ઈરાદે મહિલાનાં ઘરે આવી મહિલાનાં ગળામાં રહેલ સોનાનો દોરો (ચેઈન આંચકી લેવામાં સરળતા રહે તેવા ઈરાદાથી બેહોશ કરી નાખે તેવું આછા પીળા કલરનું પ્રવાહી મહિલાને ચખાડી તેણીને બે શુધ્ધ કરી મહિલાના ગળામાં રહેલ સોનાનો ચેઈન જેની આશરે કિંમત રૂા. ૮૦,૦૦૦નો ઝુંટવી લઈ મોટર સાઈકલ ઉપર બેસી ભાગી ગયાની મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

## સાવરકુંડલા અને સાયબર ક્રાઈમ પોલીસનાં ગુન્હામાં ૧૦ માસથી ફરાર આરોપી ઝડપાયો



અમરેલી, તા.૨

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પે. સી.એસ. ફુગસીયાના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ દ્વારા સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના બી.એન.એસ કલમ ૧૧૫(૨), ૧૧૮(૧), ૩૫૨, ૩૫૧(૩), ૫૪ તથા જી.પી.એકટ કલમ – ૧૩૫ તથા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના બી.એન.એસ કલમ ૩૧૬(૨), ૩૧૮(૪), ૬૧(૨),૫૪ તથા આઈ.ટી.એકટ કલમ–૬૬(ડી) મુજબના ગુન્હાના કામના આરોપી ઈમરાન ઉર્ફે ટીમો યુસુફભાઈ સુમરા ? રહે.મણીનગર, સાવરકુંડલા) પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા દસેક માસથી નાસતો ફરતો હોય આરોપીને ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પકડી પાડી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---

### શહેરનાં પ્રતિષ્ઠિત અને વિશ્વાસપાત્ર

## અમરેલીનાં નીલકંઠ જવેલર્સ દ્વારા સોનાનાં દાગીનાની મજુરીમાં ''મહા બચત'' યોજના અમલી

**૧૫ દિવસ માટે ૧૦ ગ્રામથી વધુ સોનાનાં ૨૨ કેરેટ દાગીનામાં ૯ ટકા અને ૧૮ કેરેટ દાગીનામાં ૧૩.૯૦ ટકા ઘડામણ**

અમરેલી, તા. ૨

અમરેલી શહેરના પ્રતિષ્ઠિત અને વર્ષોથી વિશ્વાસપાત્ર ગણાતા નિલકંઠ જવેલર્સ દ્વારા ગ્રાહકો માટે એક વિશેષ ઓફર જાહેર કરવામાં આવી છે. આગામી ૧ માર્ચથી ૧૫ માર્ચ સુધી એટલે કુલ ૧૫ દિવસ માટે સોનાના દાગીનાની ખરીદી પર ' મજુરીમાં મહા–બચત' ઓફર મુકવામાં આવી છે. જેમાં ૧૦ ગ્રામથી વધુ વજનના સોનાના ૨૨ કેરેટ દાગીના માત્ર ૭% મજુરી અને ૧૮ કેરેટ દાગીના માત્ર ૧૩.૯૦% ઘડામણ (મજુરી)માં સરળતાથી ખરીદી કરી શકશે.

નિલકંઠ જવેલર્સ સંચાલકોએ જણાવ્યું છે કે અત્યાર સુધીની સૌથી ઓછી મજુરી સાથે ગ્રાહકો પોતાના મનપસંદ આભૂષણો વસાવી શકે તેવો અમારો પ્રયાસ છે. આ મર્યાદિત સમયની ઓફરનો લાભ લેવા અમરેલી અને આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વધુ વિગત માટે મો. ૯૮૨૫૦ ૯૧૭૨૧ પર સંપર્ક કરી શકાશે.

---

### એસપીની સુચનાથી એલસીબીની કામગીરી

## સાવરકુંડલા અને વંથલી પોલીસ સ્ટેશનનાં ઘરફોડ ચોરીનાં ગુન્હામાં નાસતા–ફરતા આરોપીની અટકાયત

**છેલ્લા ૨ વર્ષથી આરોપી ફરાર હતો**



અમરેલી, તા. ૨

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.ડી. ચાવડાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૦૫(એ), ૩૦૩(૧) તથા જુનાગઢ જિલ્લાના વંથલી પોલીસ સ્ટેશનના ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૩૧(૩), ૩૩૧(૪), ૩૦૫ મુજબના કામનો આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતેન શંકર મહેડા રહે. મધ્યપ્રદેશવાળો પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોય. આ નાસતા ફરતા આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે મધ્યપ્રદેશ રાજયના અલીરાજપુર જિલ્લાના જોબટ તાલુકાના છોટી જામલી ગામ ખાતેથી પકડી પાડી આગળની કાર્યવાહી થવા સારૂ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

---

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## અમરેલીમાં પાલિકા દ્વારા આયોજિત ''સ્વદેશી મેળા''નો રાજયમંત્રીનાં હસ્તે પ્રારંભ

# રાજય સરકાર ''વોકલ ફોર લોકલ'' સૂત્રને સાર્થક કરવા કટીબધ્ધ

**સખી મંડળનાં બહેનો દ્વારા ઉત્પાદિત અને વેચાણ કરવામાં આવતી વસ્તુઓ માટે પ્લેટફોર્મ અપાયુ**

**સ્વદેશી મેળામાં પાલિકા દ્વારા ૪૬ સ્ટોલની વ્યવસ્થા કરવામાં આવી છે**

**આગામી ૧૦ માર્ચ સુધી સવારનાં ૧૦ થી રાત્રિનાં ૧૦ સુધી મેળો યોજાશે**

**પાલિકાનાં શાસકોએ શહેરીજનોને સ્વદેશી મેળાનો લાભ લેવા અનુરોધ કર્યો**



અમરેલી, તા. ૨

અમરેલી નગરપાલિકા દ્વારા વોકલ ફોર લોકલ અભિયાને પ્રોત્સાહન આપવા તેમજ ''હર ઘર સ્વદેશી-ઘર ઘર સ્વદેશી''ના સંદેશને જનમાનસ સુધી પહોંચાડવાના હેતુસર ''સ્વદેશી મેળો - શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬''નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ સ્વદેશી મેળાનો પ્રારંભ રાજયના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે થયું હતું.

સ્વદેશી મેળાના પ્રારંભે રાજયમંત્રીએ પ્રદર્શનની મુલાકાત લઈ અને બહેનોને શુભેચ્છા પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકાર દ્વારા સમગ્ર રાજયમાં સ્વદેશી મેળા દ્વારા લોકોને પોતાની પ્રોડકટનું પોતાના શહેરમાં વેચાણ કરવા માટે તક આપવામાં આવે છે, વોકલ ફોર લોકલનુ સૂત્ર સાર્થક કરવા માટે રાજય સરકાર કટીબદ્ધ છે. અમરેલી શહેર અને જિલ્લાના બહેનોને પોતાની પ્રોડકટને આ મેળા થકી માર્કેટીંગ માટે પ્લેટફોર્મ મળશે. આ સ્વદેશી મેળામાં ૪૬ સ્ટોલની વ્યવસ્થા નગરપાલિકા દ્વારા કરવામાં આવી છે જેનો લાભ વેચાણ કરનાર બહેનોને થશે. આ પ્રસંગે મંત્રીએ અમરેલી નગરપાલિકાની ટીમને સ્વદેશી મેળાના સુચારૂ આયોજન બદલ અભિનંદનપાઠવ્યા હતા.

આ સ્વદેશી મેળો તા. ૦૧ માર્ચ ૨૦૨૬થી તા. ૧૦ માર્ચ ૨૦૨૬ સુધી દરરોજ સવારે ૧૦:૦૦ કલાકથી રાત્રે ૧૦:૦૦ કલાક સુધી સિનિયર સિટિઝન પાર્ક, સેન્ટર પોઈન્ટ, અમરેલી ખાતે યોજાશે. મેળામાં વિવિધ સ્વદેશી ઉત્પાદનો, સ્થાનિક હસ્તકલા, ઘરગથ્થુ વસ્તુઓ, કપડાં તથા અન્ય વિવિધ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણ કરવામાં આવશે. કાર્યક્રમમાં રાજયમંત્રીના હસ્તે સ્વ સહાય જૂથોના મંડળોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ મેળા દ્વારા સખી મંડળ અને સ્વ સહાય જૂથનાં બહેનો દ્વારા ઉત્પાદિત અને વેચાણ કરવામાં આવતી પ્રોડકટ માટે માર્કેટિંગ માટેનું સશકત મંચ ઉપલબ્ધ થશે તેમજ નાગરિકોને સ્વદેશી ઉત્પાદનો ખરીદવાની ઉત્તમ તક મળશે. અમરેલી નગરપાલિકા દ્વારા તમામ નગરજનોને આ સ્વદેશી મેળામાં ઉપસ્થિત રહી સ્થાનિક પ્રોડકટને પ્રોત્સાહન આપવા હાર્દિક અનુરોધ કરવામાં આવ્યો છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શું તમે હરસ,મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો..સહન ન કરો..સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ 20000+ દર્દીઓની તપાસ 3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન રીયલ એસ્ટેટ
MAHAJAN REAL ESTATE
ઉપલબ્ધ સુવિધાઓ
મિલ્કત લે - વેચ
મિલ્કતની ઈન્ડેકસ | નવી મિલ્કતનું ડેવલોપમેન્ટ
મિલ્કત PR કાર્ડ ડાઉનલોડ | મિલ્કતના સ્કેચ - ઓટોકેડ
મિલ્કતનો ઈ-સર્વે (ડ્રોન) | મિલ્કતનો ભાડા કરાર
મિલ્કતનો ઈ-સર્વે (DGPS) | મિલ્કત ઉપર લોન - મોર્ગેજ
મિલ્કતનું રિનોવેશન | મિલ્કતનું ઈ-માર્કેટીંગ
રિ-ડેવલોપમેન્ટ | મિલ્કતનું જીઓ-ટેગીંગ
નવલ મકવાણા
રેરા એપ્રુવ્ડ રીયલ એસ્ટેટ એજન્ટ
95 86 86 2345
ગ્રાઉન્ડ ફલોર, વ્હાઈટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
















### ભારતને યૂરેનિયમ આપશે કેનેડા

# પીએમ મોદી અને પીએમ કાર્નીની મુલાકાત દરમિયાન અનેક કરાર પર થયા હસ્તાક્ષર

## બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે : વેપારને $50 બિલિયન સુધી વધારવાનો લક્ષ્યાંક રાખ્યો

નવી દિલ્હી, તા.૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના કેનેડિયન સમકક્ષ માર્ક કાર્નીએ સોમવારે દિલ્હીમાં મુલાકાત કરી. આ દરમિયાન બંને દેશો વચ્ચે અનેક મહત્વના કરારો પર હસ્તાક્ષર થયા. બેઠક બાદ જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદનમાં પીએમ મોદીએ કહ્યું કે બંને દેશો વચ્ચે સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર થયો છે. બંને દેશો સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર સાથે મળીને કામ કરશે. હવે બંને દેશો વેપાર, ઊર્જા અને ટૅક્નોલૉજી જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારીને સંબંધો સુધારવા માટે મક્કમ દેખાય છે. આ બેઠક દરમિયાન ભારત અને કેનેડાએ વર્ષ ૨૦૩૦ સુધીમાં દ્વિપક્ષીય વેપારને ૫૦ બિલિયન ડૉલર સુધી લઈ જવાનો મહત્ત્વાકાંક્ષી લક્ષ્યાંક રાખ્યો છે.કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા દાયકામાં પીએમ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયું છે. અહીં માથાદીઠ આવકનો વિકાસ એવો રહ્યો છે જે ઈતિહાસમાં બહુ ઓછો જોવા મળ્યો છે. કેનેડા તમારા આ જ ઉત્સાહ અને હેતુની ભાવનાને શેર કરે છે. મને લાગે છે કે આ નવા યુગમાં સફળતાનો માર્ગ ૨૦૨૩માં તમારા G20 અધ્યક્ષપદના વિષય 'One Earth, One Family, One Future' માં સારી રીતે દર્શાવવામાં આવ્યો છે, કારણ કે આપણા સમયના પડકારોને કોઈ પણ દેશ એકલો ઉકેલી શકતો નથી. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ કહ્યું, છેલ્લા એક વર્ષમાં કેનેડા અને ભારતની સરકારો વચ્ચે જે સંવાદ થયો છે, તે છેલ્લા બે દાયકામાં થયેલા તમામ સંવાદો કરતા વધુ છે. આ માત્ર સંબંધોનું નવીકરણ નથી, પરંતુ નવા ઉત્સાહ, ધ્યાન અને દૂરદર્શિતા સાથે એક મૂલ્યવાન ભાગીદારીનો વિસ્તાર છે. આ બે આત્મવિશ્વાસુ દેશો વચ્ચેની ભાગીદારી છે, જેઓ પોતાના ભવિષ્યની દિશા પોતે નક્કી કરી રહ્યા છે.પીએમ મોદીએ કહ્યું કે વિશ્વમાં ચાલી રહેલા અનેક તણાવો પર ભારતનું વલણ સ્પષ્ટ છે. અમે હંમેશા શાંતિ અને સ્થિરતા જાળવી રાખવાની વાત કરતા રહ્યા છીએ, અને જ્યારે બે લોકશાહી દેશો સાથે ઉભા રહે છે, ત્યારે શાંતિનો અવાજ વધુ મજબૂત બને છે. પશ્ચિમ એશિયાની વર્તમાન સ્થિતિ આપણા માટે ઊંડી ચિંતાનો વિષય છે. ભારત તમામ વિવાદોને સંવાદ અને રાજદ્વારી માધ્યમથી ઉકેલવાનું સમર્થન કરે છે અને ક્ષેત્રમાં તમામ ભારતીય નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ દેશો સાથે ગાઢ સહયોગ ચાલુ રાખશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે કેનેડા ભારત માટે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ભાગીદાર છે. અમે તેમના ઈન્ડિયન ઓશન રિમ એસોસિએશનમાં ડાયલોગ પાર્ટનર બનવામાં રસ દાખવવા બદલ સ્વાગત કરીએ છીએ, જેનાથી આપણા દરિયાઈ સહયોગમાં નવી ઊંડાઈ આવશે. તેમણે કહ્યું કે આતંકવાદ, ઉગ્રવાદ અને કટ્ટરવાદ માત્ર બંને દેશો માટે જ નહીં, પરંતુ સમગ્ર માનવતા માટે ગંભીર અને સમાન પડકાર છે. તેમની સામેનો આપણો ગાઢ સહયોગ વૈશ્વિક શાંતિ અને સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આપણા સંબંધોની સૌથી મોટી તાકાત લોકો વચ્ચેનું જોડાણ છે. આજે અમે તેને વધુ મજબૂત કરવા માટે અનેક મહત્વના નિર્ણયો લીધા છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આરોગ્ય, કૃષિ અને ઈનોવેશનના ક્ષેત્રોમાં ઘણી યુનિવર્સિટીઓ વચ્ચે નવી ભાગીદારીની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત, કેનેડિયન યુનિવર્સિટીઓ દ્વારા ભારતમાં કેમ્પસ ખોલવા પર પણ સહમતિ બની છે. આદિવાસી અને જનજાતીય સમુદાય આપણી સમાન સાંસ્કૃતિક વિરાસતનો મહત્વપૂર્ણ હિસ્સો છે. બંને પક્ષો વચ્ચે આજે સાંસ્કૃતિક આદાનપ્રદાન વધારવા માટે એક MoU પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા.પીએમ મોદીએ કહ્યું કે ભારતમાં ઈન્ડિયા-કેનેડા પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવામાં આવશે. તેમણે કહ્યું કે સંરક્ષણ અને સુરક્ષાના ક્ષેત્રમાં વધતો સહયોગ આપણા ઊંડા પરસ્પર વિશ્વાસ અને સંબંધોની પરિપક્વતાનું પ્રતીક છે. બંને દેશો સંરક્ષણ ઉદ્યોગ, દરિયાઈ ક્ષેત્રની દેખરેખ અને સૈન્ય આદાનપ્રદાનને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે. આ હેતુથી આજે ઈન્ડિયા-કેનેડા ડિફેન્સ ડાયલોગ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

CAMECO ના અધ્યક્ષ ટિમ ગિટ્ઝેલ અને કેનેડામાં ભારતના હાઈ કમિશનર દિનેશ પટનાયકે પરમાણુ ઉર્જા વિભાગ અને CAMECO વચ્ચે યુરેનિયમ અયસ્ક પુરવઠા કરારના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.પીએમ મોદીએ કહ્યું, આજે સાઈન કરવામાં આવેલા ક્રિટિકલ મિનરલ્સ પરના MoU થી સપ્લાય ચેઈનની મજબૂતી વધશે. અવકાશ ક્ષેત્રમાં અમે બંને દેશોના સ્ટાર્ટઅપ્સ અને ઉદ્યોગોને જોડીશું. ઉર્જા ક્ષેત્રમાં અમે આગલા સ્તરની ભાગીદારી બનાવી રહ્યા છીએ, જેમાં હાઈડ્રોકાર્બન્સ, રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને ઉર્જા સંગ્રહ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

પીએમ મોદીએ કહ્યું, અમે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સ્વાભાવિક ભાગીદાર છીએ. ભારત-કેનેડા ઈનોવેશન પાર્ટનરશિપ હેઠળ અમે નવા વિચારોને વૈશ્વિક ઉકેલોમાં બદલીશું. હું વડાપ્રધાન કાર્નીનો આભાર માનું છું કે તેમણે ગયા મહિને ભારતમાં આયોજિત AI ઈમ્પેક્ટ સમિટની સફળતામાં કેનેડાનું મહત્વનું યોગદાન આપ્યું. અમે AIની સાથે સાથે ક્વોન્ટમ, સુપર કોમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર્સમાં સહયોગ વધારીશું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, અમને ખુશી છે કે કેનેડાએ આંતરરાષ્ટ્રીય સોલર એલાયન્સ અને ગ્લોબલ બાયોફ્યુઅલ એલાયન્સમાં સામેલ થવાનો નિર્ણય લીધો છે. આપણા સહિયારા પ્રયાસોને આગળ વધારવા માટે અમે આ વર્ષે ભારત-કેનેડા રિન્યુએબલ એનર્જી એન્ડ સ્ટોરેજ સમિટનું આયોજન કરીશું. સિવિલ ન્યુક્લિયર એનર્જીમાં અમે લાંબા ગાળા માટે યુરેનિયમ સપ્લાયનો એક મહત્વપૂર્ણ કરાર કર્યો છે. અમે સ્મોલ મોડ્યુલર રિએક્ટર અને અદ્યતન રિએક્ટરો પર પણ સાથે કામ કરીશું.કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ અને કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે CEPA માટે ટર્મ્સ ઓફ રેફરન્સ અને સંયુક્ત પલ્સ પ્રોટીન સેન્ટર ઓફ એક્સેલન્સ પર ડિક્લેરેશન ઓફ ઈન્ટેન્ટના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, હું મારા મિત્ર વડાપ્રધાન કાર્નીને આપણા સહયોગમાં વધતી ગતિ માટે શ્રેય આપું છું. ભારત અને કેનેડા લોકશાહી મૂલ્યોમાં અટલ વિશ્વાસ ધરાવે છે. અમે વિવિધતાની ઉજવણી કરીએ છીએ. માનવતાનું કલ્યાણ એ આપણી સમાન દ્રષ્ટિ છે. આ જ દ્રષ્ટિ આપણને દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે પ્રેરિત કરે છે. આજે અમે આ દ્રષ્ટિને આગલા સ્તરની ભાગીદારીમાં બદલવા પર ચર્ચા કરી. આપણું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં વેપારને ૫૦ બિલિયન ડોલર સુધી લઈ જવાનું છે. આર્થિક સહયોગની પૂરેપૂરી શક્યતાઓને અનલોક કરવી એ અમારી પ્રાથમિકતા છે. તેથી અમે ટૂંક સમયમાં વ્યાપક આર્થિક ભાગીદારી કરાર (Comprehensive Economic Partnership Agreement) ને અંતિમ સ્વરૂપ આપવાનો નિર્ણય લીધો છે. આનાથી બંને દેશોમાં નવા રોકાણ અને રોજગારીની તકો ઊભી થશે. કેનેડિયન પેન્શન ફંડ્સે ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરનું રોકાણ કર્યું છે. તે ભારતના વિકાસની વાર્તામાં તેમના ઊંડા વિશ્વાસનું પ્રતીક છે. આજે અમે બંને દેશોના બિઝનેસ લીડર્સને પણ મળીશું. તેમના સૂચનો આપણી આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.કેનેડાના આંતરરાષ્ટ્રીય વેપાર મંત્રી મનિન્દર સિદ્ધુ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પીએમ નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ માર્ક કાર્નીની હાજરીમાં ભારત, કેનેડા અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ટેકનોલોજી અને ઈનોવેશનમાં સહયોગ પર દ્વિપક્ષીય MoUના દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું.

કેનેડાના પીએમ માર્ક કાર્ની સાથેની મુલાકાત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, દુનિયામાં બહુ ઓછા લોકો છે જેમના સીવી (CV)માં બે દેશોમાં સેન્ટ્રલ બેંકિંગના નેતૃત્વનો સમાવેશ થાય છે. આપણી પ્રથમ મુલાકાત પછી આપણા સંબંધો વધુ મજબૂત થયા છે, અને પરસ્પર વિશ્વાસ અને સકારાત્મકતાએ ઝડપી ગતિ હાંસલ કરી છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, હું વડાપ્રધાન કાર્નીનું ભારતમાં સ્વાગત કરતા ખૂબ જ ખુશ છું. આ તેમની ભારતની પ્રથમ મુલાકાત છે. અમે તેને એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન માનીએ છીએ. તેમણે ગયા વર્ષે કેનેડામાં ૮૭ બેઠકમાં મારું અને મારી ટીમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આજે તેમનું આ જ ઉષ્મા સાથે સ્વાગત કરવું અમારા માટે સન્માનની વાત છે.કેનેડાના વિદેશ મંત્રી અનીતા આનંદ અને ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે પીએમ નરેન્દ્ર મોદી અને કેનેડાના પીએમ માર્ક કાર્નીની હાજરીમાં ત્રણ કરારો (MoUs) પર દસ્તાવેજોનું આદાનપ્રદાન કર્યું, જેમાં મહત્વપૂર્ણ ખનિજ સહયોગ, રિન્યુએબલ એનર્જીના ઉપયોગને પ્રોત્સાહન અને સાંસ્કૃતિક સહયોગ સામેલ છે.

---

### મોદીએ ઈઝરાયેલી PM, UAEના રાષ્ટ્રપતિ સાથે કરી વાત

# ૯૦ લાખ ભારતીયો પર તોળાઈ રહ્યું છે સંકટ

## પીએમ મોદીએ કહ્યું કે ભારત આ વધતા તણાવ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા અંગે ખુબ ચિંતિત છે

નવી દિલ્હી, તા.૨

મીડિલ ઈસ્ટ હાલ ભડકે બળ્યું છે. અમેરિકા અને ઈઝરાયેલે કરેલા હુમલાઓ બાદ ઈરાન આઉટ ઓફ કંટ્રોલ થઈ ગયું છે કારણ કે તેના સુપ્રીમ લીડર ખામેનેઈ સહિત ૪૦થી વધુ ધૂરંધર નેતાઓના મોત થયા છે. ઈરાને ઈઝરાયેલ ઉપરાંત અમેરિકાના સાથી એવા ૭થી વધુ દેશો પર હુમલા કર્યા છે. અત્રે જણાવવાનું કે ખાડી દેશોમાં ભારતીયોની સંખ્યા પણ ખુબ વધુ છે. આશરે ૯૦ લાખથી વધુ ભારતીયો ખાડી દેશોમાં કામ કરે છે. ત્યારે આ ભારતીયોની સુરક્ષા પણ ખતરામાં પડી છે. ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધ વચ્ચે પીએમ મોદીએ ઈઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામીન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી છે. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને આ અંગે જાણકારી આપી અને કહ્યું કે ભારત આ વધતા તણાવ અને સામાન્ય નાગરિકોની સુરક્ષા અંગે ખુબ ચિંતિત છે. પીએમ મોદીની આ પહેલ સુરક્ષા મામલાઓની કેબિનેટ સમિતિની બેઠક બાદ સામે આવી છે. આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથ સિંહ, અને એનએસએ અજીત ડોભાલ જેવા દિગ્ગજ હાજર હતા. ભારતની સૌથી મોટી ચિંતા ખાડી દેશોમાં રહેતા ૯૦ લાખથી વધુ ભારતીયોની સુરક્ષા અને હોર્મૂઝ જલરસ્તો છે. કારણ કે ત્યાંથી થઈને ક્રૂડ ઓઈલ ભારત આવે છે. મળતી માહિતી મુજબ પીએમ મોદીએ પશ્ચિમ એશિયામાં વધતા તણાવને લઈને બેન્જામિન નેતન્યાહૂ સાથે ફોન પર વાત કરી. તેમણે સ્થિત પર ઊંડી ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે નાગરિકોની સુરક્ષા સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએ. તેમણે સમગ્ર મિડલ ઈસ્ટમાં જલદી હિંસા થોભે તેના પર ભાર મૂક્યો. અત્રે જણાવવાનું કે ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મોત બાદ સ્થિતિ ખુબ બગડી છે. મળતી માહિતી મુજબ ઈરાનમાં લગભગ ૧૦હજાર ભારતીયો રહે છે. ઈઝરાયેલમાં ૪૦હજારથી વધુ ભારતીયો છે. જ્યારે સમગ્ર પશ્ચિમ એશિયા અને ખાડી દેશોમાં લગભગ ૯૦ લાખ જેટલા ભારતીયો કામ કરે છે. સ્થિતિ બગડે તો તેમને સુરક્ષિત લિફ્ટ ક રવાની પણ યોજના પર વિચાર કરાયો છે. વિસ્તારમાં અનેક જગ્યાએ હવાઈ સેવાઓ પ્રભાવિત છે. દોહા જેવા મોટા શહેરોમાં અનેક ભારતીયો ફસાયા છે. યુએઈમાં પણ ભારતીયો ફસાયા હોવાનું સામે આવ્યું છે. પીએમ મોદીએ રવિવારે રાતે યુએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથે પણ વાત કરી અને ખાડી દેશો પર થયેલા હુમલાની ટીકા કરી. પીએમ મોદીએ કહ્યું કે ભારત આ મુશ્કેલ સમયમાં યુએઈ સાથે પૂરેપૂરી એકજૂથતા સાથે ઊભું છે. પીએમ મોદીએ ખાડી દેશમાં રહેતા ભારતીય સમુદાયની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે યુએઈના રાષ્ટ્રપતિનો આભાર વ્યક્ત કર્યો અને કહ્યું કે ભારત તણાવ ઘટાડવાનો, ક્ષેત્રીય સુરક્ષા શાંતિ અને સુરક્ષા તથા સ્થિરતાનું સમર્થન કરે છે.અત્રે જણાવવાનું કે અધિકારીઓએ રવિવારે પુષ્ટિ કરી કે છેલ્લા બે દિવસમાં સંયુક્ત આરબ અમીરાતમાં થયેલા ઈરાની હુમલાઓમાં ૩ લોકોના મોત થયા છે અને એક ભારતીય સહિત ૫૮ લોકો ઘાયલ થયા છે.

---

### ઈરાનના રાજદૂતે પુષ્ટિ કરી

# ઈરાનની પરમાણુ સાઇટ પર હુમલો કરાયો : રેડિએશન ફેલાવાનું જોખમ

## ઈરાને આ હુમલાને તેની શાંતિપૂર્ણ ચાલી રહેલી પરમાણુ ગતિવિધિઓ પર સીધો હુમલો જણાવ્યો હતો

તેહરાન, તા.૨

અમેરિકા-ઈઝરાયેલે ઈરાનની પરમાણુ સાઈટ પર હુમલો કર્યો હોવાનું સામે આવ્યું છે. રોયટર્સની રિપોર્ટ પ્રમાણે સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થામાં ઈરાનના રાજદૂત રઝી નજફીએ જણાવ્યું કે ઈરાનના નાતાન્ઝ પરમાણુ સંકુલને અમેરિકા અને ઈઝરાયલે ટાર્ગેટ કર્યું છે. હુમલાની પુષ્ટિ કરતા નજાફીએ આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સીની બોર્ડ મીટિંગમાં પત્રકારોને જણાવ્યું કે "અમેરિકા અને ઈઝરાયલે ફરીથી ઈરાનના શાંતિપૂર્ણ અને દેખરેખ હેઠળની પરમાણુ સુવિધાઓ પર હુમલો કર્યો." આ મામલે રોઈટર્સ દ્વારા પૂછવામાં આવ્યું કે કઈ પરમાણુ સાઈટને નિશાન બનાવવામાં આવી છે ત્યારે રઝી નજફીએ જણાવ્યું નટાન્ઝ પરમાણુ સાઈટ પર હુમલો કરવામાં આવ્યો છે. આપને જણાવી દઈએ કે આંતરરાષ્ટ્રીય પરમાણુ ઊર્જા એજન્સી એટલે કે IAEAના ૩૫ દેશના બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠકમાં નજફી દ્વારા આ નિવેદન આપવામાં આવ્યું છે. ઈરાને આ હુમલાને તેની શાંતિપૂર્ણ ચાલી રહેલી પરમાણુ ગતિવિધિઓ પર સીધો હુમલો જણાવ્યો. ઈરાન દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન બાદ સંગઠન દ્વારા માનવામાં આવ્યું કે રેડિએશનના ખતરાને આ મુદ્દે નકારી ન શકાય. જોકે આ મામલે અમેરિકા કે ઈઝરાયલ દ્વારા કોઈ પુષ્ટિ કરવામાં નથી આવી જેથી એવું માનવામાં આવી રહ્યું છે કે અમેરિકા અને ઈઝરાયલ પર દબાણ બનાવવા આ ઈરાનનો એક પ્રયાસ હોઈ શકે. આ પહેલા દુબઈમાં આવેલી ઓઈલ રિફાઈનરી અરામકો પર ઈરાને હુમલો કરી દીધો છે. આપને જણાવી દઈએ કે આ દુનિયાની સૌથી મોટી તેલ કંપની છે. સાથે જ ઈરાન દ્વારા ઈઝરાયેલ, કતાર અને બહેરીન પર પણ હુમલો કરવામાં આવ્યો છે. સાઉદી અરબ દ્વારા સરકારી તેલ કંપની અરામકો પર ડ્રોન હુમલા બાદ રાસ તનુરા તેલ રિફાઈનરીને બંધ કરી દીધી છે. જેથી એવી માહિતી પણ સામે આવી છે કે બ્રેંટ ક્રૂડ ઓઈલની કિંમત ૯.૩૨ ટકા વધી જવાની છે.જે જગ્યાએ ઈરાન દ્વારા હુમલો કરવામાં આવ્યો છે, તે જગ્યા સાઉદીની સૌથી સ્ટ્રેટેજિક સાઈટ પૈકીની એક છે. આ હુમલા બાદ પ્રોસેસિંગ કોમ્પ્લેક્સમાં આગ લાગી ગઈ હતી. જોકે એવી માહિતી સામે આવી છે કે આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો અને કોઈ જાનહાનિ નથી થઈ. જોકે આ ઘટના જરૂરી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને ચિંતાનો વિષય બની છે. સાઉદીના રક્ષા મંત્રાલયના પ્રવક્તાએ અલ અરબિયા ટીવીથી કહ્યું કે આ હુમલામાં કોઈ સામાન્ય નાગરિક ઘાયલ નથી થયા. સાથે જ તેમણે કહ્યું અરામકોના રાસ તનુરા પર ૨ ડ્રોન રોકવામાં આવ્યા હતા. જોકે આ પરિસ્થિતિને લઈને વિશ્વમાં ૪ વર્ષ બાદ ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઉછાળો આવ્યો છે. કારણકે હોર્મુજ સ્ટ્રેટથી વેપાર રોકાઈ ગયો છે. આ એક એવો રસ્તો છે જ્યાંથી રોજ દુનિયાના પાંચમા હિસ્સાનું કાચું તેલ જાય છે.

---

### ગૃહ મંત્રાલયે તમામ રાજ્યોને આપી ચેતવણી

# ઈરાન પર હુમલા બાદ ભારતમાં હિંસા ફાટી નિકળવાની આશંકા

## રાજ્યોને દૂતાવાસો પર સુરક્ષા વધારવા અને સંભવિત આતંકવાદી ધમકીઓ અને વિરોધ પ્રદર્શનો પર નજર રાખવા સૂચના

નવી દિલ્હી, તા.૨

ઈરાનના સર્વોચ્ચ નેતાના મૃત્યુ બાદ, ગૃહ મંત્રાલયે રાષ્ટ્રવ્યાપી સુરક્ષા ચેતવણી જારી કરી છે, જેમાં રાજ્યોને દૂતાવાસો પર સુરક્ષા વધારવા અને સંભવિત આતંકવાદી ધમકીઓ અને વિરોધ પ્રદર્શનો પર નજર રાખવા સૂચના આપવામાં આવી છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલયે રાજ્યોને પત્ર લખીને ઈરાન પર ઈઝરાયલ-અમેરિકાના હુમલાને પગલે ભારતમાં સંભવિત હિંસા અંગે ચેતવણી આપી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ પ્રસારિત થયેલા આ પત્રમાં રાજ્યોને "ઈરાન તરફી કટ્ટરપંથી ઉપદેશકોને ઓળખવા" કહેવામાં આવ્યું છે જે ભડકાઉ ઉપદેશ આપી રહ્યા છે.ગૃહ મંત્રાલયે ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ બાદ સંભવિત હિંસા અને છૂટાછવાયા વિરોધ પ્રદર્શનો અંગે દેશભરના વિવિધ રાજ્યોને ચેતવણી જારી કરી છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાની નેતા આયાતુલ્લાહ અલી ખામેનીની હત્યા બાદ દેશભરમાં ફાટી નીકળેલા શિયા સમુદાયના વિરોધ પ્રદર્શનોને ધ્યાનમાં રાખીને આ ચેતવણી આપવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટતા કરી છે કે આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ ભારતની આંતરિક સુરક્ષાને અસર કરી શકે છે, અને સુરક્ષા એજન્સીઓએ ઉચ્ચ ચેતવણી પર રહેવું જોઈએ.રાજ્યોને મોકલવામાં આવેલા સૂચનોમાં તેમને ઈરાન તરફી અને ઈરાન વિરોધી જૂથોની પ્રવૃત્તિઓ પર નજીકથી નજર રાખવા વિનંતી કરવામાં આવી છે. ખાસ કરીને, ઈરાની, યુએસ અને ઈઝરાયલી દૂતાવાસો અને કોન્સ્યુલેટની આસપાસ સુરક્ષા પગલાં કડક કરવામાં આવ્યા છે.ગૃહ મંત્રાલયે શિયા લશ્કર તેમજ ઈસ્લામિક સ્ટેટ અને અલ-કાયદા જેવા આતંકવાદી સંગઠનો દ્વારા ઉભા થયેલા સંભવિત જોખમો તરફ પણ ધ્યાન દોર્યું છે. ગુપ્ત માહિતી સૂચવે છે કે આતંકવાદી જૂથો આ તણાવપૂર્ણ વાતાવરણનો ઉપયોગ કરીને અશાંતિ ફેલાવવાનો પ્રયાસ કરી શકે છે.

દૂતાવાસો ઉપરાંત, સુરક્ષા ચેતવણી મુખ્ય પ્રવાસન સ્થળો, યહૂદી સંસ્થાઓ અને પશ્ચિમી સંલગ્ન સંસ્થાઓને સંભવિત લક્ષ્યો તરીકે ઓળખે છે. કેન્દ્ર સરકારે રાજ્યોને મહત્વપૂર્ણ અને સંવેદનશીલ સ્થળોએ સુરક્ષા તૈનાત વધારવાની સલાહ આપી છે. વધુમાં, સ્થાનિક પોલીસને ગીચ વિસ્તારો અને સંવેદનશીલ સ્થળોએ સંપૂર્ણ તપાસ કરવા અને ઈંઢ જેવા વિસ્ફોટકો શોધવા માટે નિયમિત તપાસ કરવા સૂચના આપવામાં આવી છે.

---

### ધાર્મિક એપ હેક કરીને અપાઈ ચેતવણી

# મિસાઈલ બાદ ઈરાન ઉપર સાયબર હુમલો કરવામાં આવ્યો

## બદલો લેવા માગતો મેસેજ જોવા મળ્યો ઇરાનના લોકોને : ઇરાનની સરકારના ઘણાં પોર્ટલ થયા હેક

તહેરાન, તા.૨

ઈરાન પર અમેરિકાએ મિસાઈલ બાદ હવે સાયબર હુમલો શરૂ કર્યો છે. ઈરાનને ટાર્ગેટ બનાવવા માટે અમેરિકા કોઈ કસર નથી છોડી રહ્યું. મિસાઈલ દ્વારા એટેક કરવા માટે પણ AIનો ઉપયોગ કર્યો હતો અને હવે તેમના પર સાયબર હુમલો કરી રહ્યું છે. શનિવારે ઈરાનના અલગ-અલગ જગ્યાએ અમેરિકાએ અને ઈઝરાયલ દ્વારા એટેક કર્યા બાદ હવે તેમના ડિજિટલ વર્લ્ડને હેક કરવાની કોશિશ કરવામાં આવી રહી છે. કેટલાક સાયબર એક્સપર્ટ્સનું કહેવું છે કે હાલમાં ઈરાનમાં વિપુલ પ્રમાણમાં સાયબર એટેક જોવા મળી રહ્યા છે. સાયબર એટેક દ્વારા ઘણાં સમાચાર વેબસાઈટ્સને હેક કરીને એના પર વિવિધ મેસેજ બ્રોડકાસ્ટ કરવામાં આવી રહ્યા છે. આ સાથે જ ઈરાનની ૫૦થી વધુ ડાઉનલોડ ધરાવતી ધાર્મિક કેલેન્ડર એપ્લિકેશન 'BadeSaba'ને પણ હેક કરવામાં આવી છે.હેકર્સ ગ્રુપ દ્વારા BadeSaba એપ્લિકેશનના યુઝર્સને મેસેજ કરવામાં આવ્યો હતો કે હવે હિસાબ ચૂકતો કરવાનો સમય આવી ગયો છે. આ સાથે જ એક મેસેજ એવો પણ હતો કે હથિયાર છોડીને એટલે કે યુદ્ધ બંધ કરી ત્યાંના સામાન્ય લોકોને સાથ આપવા માટે પણ કહેવામાં આવ્યું છે, નહીંતર પરિણામ ગંભીર આવશે.

ઈરાન પર કરવામાં આવેલા સાયબર એટેકમાં સરકારના ઘણાં પોર્ટલને નિશાન બનાવવામાં આવ્યા છે. એના દ્વારા સરકાર ઈરાનની આર્મીના કોર્ડિનેશનને લિમિટેડ કરવા માગે છે જેથી એની માહિતી અમેરિકાને ન મળે. ઈરાનના એક રિપોર્ટ મુજબ આ માહિતી સામે આવી છે.

ઈઝરાયલની સાથે મળીને અમેરિકાએ ઈરાન પર હુમલો કર્યો હતો. આ એટેકમાં ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈનું મૃત્યુ થયું છે. આ યુદ્ધને કારણે અન્ય દેશો પર પણ એની અસર જોવા મળી છે. ઈરાન દ્વારા મિડલ ઈસ્ટના ઘણાં દેશોમાં અમેરિકાના આર્મી બેઝ પર એટેક કરવામાં આવ્યો છે. એના કારણે ઘણી ફ્લાઈટ્સ કેન્સલ થઈ છે અને લોકો પણ અટવાયા છે. શેર માર્કેટ પર પણ એની અસર જોવા મળી છે.

---

### રીપોર્ટમાં થયો મોટો ખુલાસો

# મુસ્લિમ દેશના વડાએ જ ટ્રમ્પને વારેવારે ફોન કરીને ઈરાન પર હુલમો કરવા ઉશ્કેર્યા

## સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી ગુપ્ત વાતચીતનો પર્દાફાશ

વોશિંગ્ટન, તા.૨

અમેરિકાના વોશિંગ્ટન ખાતેથી પ્રસિદ્ધ થયેલા એક સનસનાટીભર્યા અહેવાલે વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ મચાવી દીધો છે. આ અહેવાલ અનુસાર, સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન પર લશ્કરી હુમલો કરવા માટે અનેકવાર ખાનગી ટેલિફોન કોલ કરીને ઉશ્કેરણી કરી હતી. વિશ્વ સમક્ષ શાંતિદૂત તરીકેની છબી રાખનાર સાઉદી અરેબિયા પડદા પાછળ ઈરાનને સૈન્ય તાકાતથી કચડી નાખવા માટે લોબિંગ કરી રહ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ્ય મધ્ય પૂર્વમાં ઈરાનના વધતા પ્રભાવને રોકવાનો અને પોતાની પ્રાદેશિક સર્વોપરિતા જાળવી રાખવાનો હતો. વોશિંગ્ટન પોસ્ટ દ્વારા જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ, આ સમગ્ર મામલાથી માહિતગાર ૪ જેટલી વિશ્વસનીય વ્યક્તિઓએ પુષ્ટિ કરી છે કે મોહમ્મદ બિન સલમાન (એમબીએસ) એ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે અત્યંત ગોપનીય રીતે વાતચીત કરી હતી. આ સંવાદો દરમિયાન, જ્યારે ટ્રમ્પ ઈરાન સાથેના પ્રશ્નોનો ઉકેલ રાજદ્વારી રીતે લાવવા ઈચ્છતા હતા, ત્યારે સાઉદી પ્રિન્સ તેમને સીધા સૈન્ય હુમલા માટે આગ્રહ કરી રહ્યા હતા. એમબીએસએ ટ્રમ્પને એવી ખાતરી પણ આપી હતી કે જો ઈરાન વળતો પ્રહાર કરશે, તો સાઉદી અરેબિયા તેલના પુરવઠામાં કોઈ અડચણ આવવા દેશે નહીં અને અમેરિકાને તમામ પ્રાદેશિક સુરક્ષા સહયોગ પૂરો પાડશે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામેનીના અવસાન બાદ આ પ્રકારના ખુલાસા થતા મુસ્લિમ જગતમાં આશ્ચર્ય અને આક્રોશ જોવા મળી રહ્યો છે. એક તરફ સાઉદી અરેબિયા જાહેરમાં ઈસ્લામિક એકતાની વાતો કરતું હતું અને ચીનની મધ્યસ્થતાથી ઈરાન સાથે સંબંધો સુધારવાનો ડોળ કરતું હતું, તો બીજી તરફ તે ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂની જેમ જ અમેરિકા પર ઈરાન વિરુદ્ધ યુદ્ધ છેડવા દબાણ કરતું હતું. આ ઘટસ્ફોટ દર્શાવે છે કે સાઉદી અરેબિયાએ હંમેશા પોતાના અંગત હિતોને સર્વોપરી ગણ્યા છે. અહેવાલમાં એવો પણ ઉલ્લેખ છે કે એમબીએસએ વ્હાઈટ હાઉસમાં પોતાની વાત મનાવવા માટે ડોનાલ્ડ ટ્રમ્પના જમાઈ જેરેડ કુશનર સાથેની તેમની ગાઢ મિત્રતાનો પૂરેપૂરો ઉપયોગ કર્યો હતો. સલમાને ટ્રમ્પને ચેતવણી આપી હતી કે જો ઈરાનને લશ્કરી કાર્યવાહી દ્વારા રોકવામાં નહીં આવે, તો તે ભવિષ્યમાં વધુ શક્તિશાળી બનીને અમેરિકા અને તેના સાથી દેશો માટે મોટો ખતરો સાબિત થશે. આમ, સાઉદી અરેબિયાએ એક કુશળ ખેલાડીની જેમ પડદા પાછળ રહીને ઈરાન વિરુદ્ધ યુદ્ધની ચિનગારી ચાંપવાનો પ્રયાસ કર્યો હતો.

---

### મિડલ ઈસ્ટમાં તણાવ

# અબુ ધાબીનું BAPS મંદિર ૯ માર્ચ સુધી બંધ રહેશે

## આ દરમિયાન સ્વામી તમામની શાંતિ, સુરક્ષા અને કલ્યાણ માટે મંદિરમાં પ્રાર્થના કરતાં રહેશે

અબુ ધાબી, તા.૨

મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિ વધુ તંગ બનતા UAEમાં અબુ ધાબી સ્થિત BAPS હિન્દૂ મંદિર આજ ૨ માર્ચ થી ૯ માર્ચ સુધી પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યું છે. મંદિર ટ્રસ્ટ તરફથી સત્તાવાર રીતે કરેલી જાહેરાતમાં કહેવામાં આવ્યું છે કે, હાલની સ્થિતિને જોતાં રાષ્ટ્રીય સુરક્ષાને ધ્યાને રાખી સાવચેતીના પગલાં રૂપે અબુ ધાબી સ્થિત BAPS હિન્દૂ મંદિર ૯ માર્ચ સુધી બંધ રહેશે. આ દરમિયાન સ્વામી તમામની શાંતિ, સુરક્ષા અને કલ્યાણ માટે મંદિરમાં પ્રાર્થના કરતાં રહેશે. આ સાથે મંદિર ટ્રસ્ટે અફવાઓથી દૂર રહેવા, શાંતિ જાળવવા અને સરકારી માર્ગદર્શિકાનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી કરી છે.સંયુક્ત આરબ અમીરાત(UAE) તરફથી આપવામાં આવેલી જાણકારી મુજબ, ઈરાની હુમલાઓમાં ૫૮ લોકો સામાન્ય રીતે ઘાયલ થયા છે જેમાં એક ભારતીય નાગરિકનો પણ સમાવેશ થાય છે. અબુ ધાબી સ્થિત ભારતીય દૂતાવાસે ૧ માર્ચ ૨૦૨૬ના રોજ કહ્યું હતું કે એક ભારતીય નાગરિક ઘાયલ થવાની જાણકારી મળતા તે હોસ્પિટલ તંત્ર સાથે સંપર્કમાં છે. UAEના સંરક્ષણ મંત્રાલય તરફથી દાવો કરવામાં આવ્યો છે. યુદ્ધ શરૂ થતાં UAEની સેનાએ ૧૬૫ બેલિસ્ટિક મિસાઈલો, બે ક્રુઝ મિસાઈલો અને ૫૪૧ ડ્રોનથી હુમલાઓનો સામનો કર્યો છે. આ પહેલા રવિવારે રાત્રે પીએમ મોદીએ UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન સાથે પણ વાત કરી હતી. ઈરાને UAE પર જે હુમલા કર્યા તેની ભારતે આકરા શબ્દોમાં નિંદા કરી છે. ઈરાન-અમેરિકા યુદ્ધ પર વડાપ્રધાન મોદીએ કહ્યું કે, દુનિયામાં તણાવ ચાલી રહ્યો છે. ભારતીયોની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. ભારત વિશ્વમાં હંમેશા શાંતિ અને સ્થિરતાના પક્ષમાં છે. આતંકવાદ તમામ માટે પડકાર છે.એકલા UAEમાં જ લગભગ ૩૯ લાખ ભારતીયો વસે છે. જો યુદ્ધ વધે તો આ તમામ નાગરિકોની સુરક્ષા ભારત માટે સૌથી મોટો પડકાર બની શકે છે. ભારત અને UAE વચ્ચે વાર્ષિક ૧૦૦ અબજ ડૉલરનો વેપાર થાય છે. યુદ્ધની અસર સીધી ભારતીય અર્થતંત્ર પર પડી શકે છે.

---

### રોકાણકારોના ૬.૫ લાખ કરોડ સ્વાહા

# ઈરાન સંકટથી શેરબજારમાં ભૂકંપ, સેન્સેક્સ ૧૦૪૦ પોઈન્ટ તૂટ્યો

## ઈરાન અને ખાડી દેશોમાં વધતા તણાવને કારણે ભારતીય શેરબજારમાં મોટો ભૂકંપ : સેન્સેક્સ અને નિફ્ટીમાં કડાકો

મુંબઈ, તા.૨

મધ્ય પૂર્વમાં સર્જાયેલી ઈરાન કટોકટીને પગલે ભારતીય શેરબજારમાં ભારે ગભરાટ અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો, જેના કારણે મુંબઈ શેરબજારના મુખ્ય આંક સેન્સેક્સમાં ૧,૦૪૮ પોઈન્ટનો મોટો કડાકો નોંધાયો હતો. ઈરાનના સર્વોચ્ચ નેતાના અવસાન બાદ ખાડી દેશોમાં વધતા લશ્કરી તણાવ અને તેલના પુરવઠા પર ઊભા થયેલા જોખમને કારણે રોકાણકારોએ એક જ દિવસમાં અંદાજે ૬.૫ લાખ કરોડ રૂપિયાની સંપત્તિ ગુમાવી છે. વેપારની શરૂઆતથી જ દલાલ સ્ટ્રીટમાં વેચવાલીનું પ્રચંડ દબાણ જોવા મળ્યું હતું, જેના પરિણામે ભારતીય અર્થતંત્રના મહત્વના સૂચકાંકો ધરાશાયી થયા હતા.આજના વ્યવહાર દરમિયાન ભારતીય બજારે રોકાણકારોના શ્વાસ અધ્ધર કરી દીધા હતા. સેન્સેક્સ ૨,૭૪૩ પોઈન્ટના પ્રચંડ ઘટાડા સાથે ૭૮,૫૪૩.૭૩ ના સ્તરે ખુલ્યો હતો, જેણે શરૂઆતમાં જ મોટા નુકસાનના સંકેત આપ્યા હતા. જોકે, દિવસના અંતે બજારે થોડો રિકવરીનો પ્રયાસ કર્યો હતો અને આખરે સેન્સેક્સ ૧,૦૪૮.૩૪ પોઈન્ટ અથવા ૧.૨૯% ના ઘટાડા સાથે ૮૦,૨૩૮.૮૫ પર સ્થિર થયો હતો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી૫૦ ઈન્ડેક્સ પણ સુરક્ષિત રહ્યો નહોતો. નિફ્ટી ૩૧૨.૯૫ પોઈન્ટ અથવા ૧.૨૪% ના ઘટાડા સાથે ૨૪,૮૬૫.૭૦ ના સ્તરે બંધ રહ્યો હતો. આ ગગડાટને પગલે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓની કુલ બજાર મૂડી ઘટીને અંદાજે ૪૫૭ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે.બજારમાં આવેલી આ સુનામીમાં ખાસ કરીને વાહન વ્યવહાર, તેલ અને ગેસ ક્ષેત્રના શેરોમાં સૌથી વધુ ધોવાણ જોવા મળ્યું હતું સેન્સેક્સના ૩૦ મુખ્ય શેરોમાંથી ૨૭ શેરો લાલ નિશાન સાથે નુકસાનમાં બંધ થયા હતા. વિમાન સેવા આપતી ઈન્ડિગો અને બાંધકામ ક્ષેત્રની દિગ્ગજ કંપની એલએન્ડટીના શેરમાં ૫% થી વધુનો મોટો ઘટાડો નોંધાયો હતો. આ ઉપરાંત અદાણી પોર્ટ્સ, મારુતિ સુઝુકી, એશિયન પેઈન્ટ્સ, બજાજ ફિનસર્વ અને રિલાયન્સ જેવી મોટી કંપનીઓના ભાવમાં પણ નોંધપાત્ર ગાબડા પડ્યા હતા. જોકે, આ કપરા સમયમાં પણ ફાર્માસ્યુટિકલ અને ગ્રાહક ચીજવસ્તુઓના શેરો જેવા કે સન ફાર્મા અને આઈટીસીમાં સામાન્ય સુધારો જોવા મળ્યો હતો, જેણે બજારને વધુ પડતું નીચે જતું અટકાવ્યું હતું.શેરબજારમાં અસ્થિરતા માપતો આંક એટલે કે વોલેટિલિટી ઈન્ડેક્સ ૨૫.૦૧% વધીને ૧૭.૧૩ પર પહોંચી ગયો છે, જે રોકાણકારોમાં વ્યાપેલા ડરને સ્પષ્ટપણે દર્શાવે છે. મધ્યમ અને નાની કંપનીઓના સૂચકાંકોમાં પણ અનુક્રમે ૧.૫૮% અને ૧.૭૫% નો ઘટાડો નોંધાયો હતો. આ કડાકા પાછળનું મુખ્ય કારણ ઈરાન અને ખાડી દેશો વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ છે. ઈરાને સાઉદી અરેબિયાની તેલ રિફાઈનરી સહિતના અનેક સ્થળોને નિશાન બનાવતા કાચા તેલના ભાવમાં આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૦% થી વધુનો ઉછાળો આવ્યો છે. મોંઘા તેલને કારણે ભારતીય રૂપિયાના મૂલ્યમાં પણ ઘટાડો થયો છે. વધુમાં, વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા ૭,૫૩૬ કરોડ રૂપિયાની કરવામાં આવેલી વેચવાલીએ બળતામાં ઘી હોમવાનું કામ કર્યું હતું.

# બાબરા ખાતે પાલિકા કચેરીનું સંતશ્રી દયારામ ભવન નામકરણ કરાયુ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં નગરપાલિકા કચેરીનું તાપડીયા આશ્રમના પૂજય મહંત ઘનશ્યામદાસ બાપુના સદગુઢ બ્રહ્મલીન પૂજય દયારામનું નામ આપવામાં આવતા પૂજય ઘનશ્યામ દાસ બાપુ સહિત તાપડીયા આશ્રમમાં સેવક સમુદાય તેમજ સમગ્ર પંથકમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે નગરપાલિકા કચેરીનું સંત દયારામ ભવન કરવામાં આવ્યું હતું જેને તાપડીયા આશ્રમના મહંત પૂજય ઘનશ્યામદાસ બાપુએ ખુલ્લું મુકવામાં આવ્યું હતું આ તકે ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિમાં ચેરમેન અનિભાઈ મકવાણા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, ભુપેન્દ્રભાઈ બસિયા, ભુપતભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા, બાવકુભાઈ બસિયા, શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, મહામંત્રી જગદીશભાઈ વાવડીયા, નાગરિક બેન્કના ચેરમેન હસુભાઈ પોપટ, યુવા શહેર ભાજપના પ્રમુખ હરેશભાઈ આખજા, રમેશભાઈ સાંગડીયા, નરેશભાઈ દશલાણીયા, વનરાજભાઈ વાળા, જિલ્લા પંચાયતના સભ્યો સ્થાનિક અગ્રણીઓ સાધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

## અમરેલીનાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે વોકેશનલ તાલીમનુ આયોજન



અમરેલી, તા. ૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા કરજાળા ગામ ખાતે તા. ૨૩/૨/૨૬ થી ૨૭/૨/૨૬ દરમ્યાન કેવિકેના વરીષ્ઠ વૈજ્ઞાનીક અને વડા ડો. મિનાક્ષી કે બારીયાનાં માર્ગદર્શન હેઠળ વોકેશનલ તાલીમના આયોજન કરવામાં આવ્યું. આ તાલીમમાં ઉદ્યોગલક્ષી વિવિધ વિષયો પર માહિતી આપવામાં આવી. ડો. મિનાક્ષી કે બારીયા વરીષ્ઠ વૈજ્ઞાનીક અનેવડા દ્વારા એલ.એ.આર.વાય.એ. પ્રોજેક્ટની માહિતી, ફળઅને શાકભાજીમાં મુલ્ય–વર્ધન અને ખેત પેદાશોથી તૈયાર જુદી–જુદી મૂલ્યવર્ધિત વસ્તુઓના માર્કેટિંગ વિશે તાલીમ આપવામાં આવી. કેવીકે વિષય નિષ્ણાંત ડો.`તા એ. પટેલ, દ્વારા મરી મસાલા પાકોમાં પ્રોસેસિંગ અને મૂલ્યવર્ધન સાથે પ્રાકૃતિક ખેતી કરીને સારા માર્કેટ ભાવ મળે તે વિશે માહિતી આપવામાં આવી. એલ.એ.આર.વાય.એ. પ્રોજેક્ટ ઈન્ચાર્જ ડો. નેહા તિવારી, કેવીકે વિષય નિષ્ણાંત દ્વારા ખેતી પેદાશોમાં જુદી– જુદી પ્રોસેસિંગ તકનીક અને તેના માટે જોઈતી મશીનરી વિશે તાલીમ આપવામાં આવી. આ તાલીમમાં કરજાળા ગામનાં ૨૪૦ જેટલા ખેડૂત ભાઈ અને બહેનોએ ભાગ લીધો. આ તાલીમથી ખેડૂતોને ખૂબ જ સંતોષ થયો.

### પાના ૮ ઉપરનું ચાલું રાજુલા–ભેરાઈ માર્ગ ઉપર

બપોરનાં ચારેક વાગ્યે પોતાનું મોટર સાયકલ નં.– જી.જે.–૦૪ એફબી–૯૮૬૪ લઈ રાજુલાથી પોતાના ઘરે જતા હતા તે દરમ્યાન રાજુલા–ભેરાઈ રોડ ઉપર આવેલ ટાયર્સની ઓફીસથી પહેલા ગોળાઈ પાસે પહોંચતા ઓટો રીક્ષા જી.જે.–૧૪ વાય–૨૭૮૭ રિક્ષાના ચાલકે પોતાનાં હવાલાવાળી રીક્ષા પુર ઝડપે બેફીકરાઈ રીતે, માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી રીક્ષા પરનો કાબુ ગુમાવતા ત્રિકમભાઈ પરમારની મોટર સાયકલ સાથે ભટકાવી દેતા તેમને માથાનાં ભાગે ગંભીર ઈજા કરી મોત નિપજાવી રિક્ષાના ચાલક પોતાનું વાહન સ્થળ પર મુકી નાસી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## અવસાન નોંધ

**ચલાલા :** મુળ ચલાલા હાલ કુંકાવાવ મોટીનાં લોહાણા મહાજનનાં પૂર્વ પ્રમુખ, વેપારી અગ્રણી ધીરજલાલ જીવનલાલ ઉનડકટ (ઉ.વ. ૭૮) તે સ્વ. રસિકભાઈ (ગાંધી મેડિકલ, લીલીયા મોટા), ચંદુલાલ ગોલ્ડન ટી ડેપો ચલાલા), સ્વ. દિનેશભાઈ (જલારામ ફૂટવેર–સુરત), સ્વ. નવલભાઈ તેમજ સુરેશભાઈ જીવનલાલ ઉજડકટ (ચલાલા મેડિકલ–ચલાલા)ના ભાઈ તેમજ સંજયભાઈ ઉનડકટ (ભકિત મેડિકલ–રાજકોટ)ના પિતાશ્રીનું અવસાન તા. ૧/૩/૨૬નાં રોજ કુંકાવાવ મોટી ખાતે થયેલ છે.

સદગતની સાદડી તા. ૫/૩/૨૦૨૬, ગુરૂવાર સાંજે ૪ થી ૫ સુધી મુળીમાંની જગ્યામાં ચલાલા ખાતે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૬૫ | ૧૨૮૫ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૩૭૫ | ૧૪૩૫ |
| ૩ | શિંગ મોટી | ૮૦૦ | ૧૫૦૫ |
| ૪ | શિંગદાણા | ૧૪૧૫ | ૧૬૮૦ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૬૪૫ |
| ૬ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૪૦ |
| ૭ | તલ કાળા | ૨૧૦૫ | ૪૧૨૫ |
| ૮ | બાજરો | ૫૨૦ | ૫૨૦ |
| ૯ | જુવાર | ૫૮૦ | ૧૨૫૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૬૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૩૭૫ | ૫૨૫ |
| ૧૨ | મકાઈ | ૩૭૫ | ૪૭૫ |
| ૧૩ | ચણા | ૭૯૦ | ૧૦૪૦ |
| ૧૪ | ચણા દેશી | ૧૦૦૫ | ૧૦૧૫ |
| ૧૫ | સફેદ ચણા | ૭૨૦ | ૧૦૮૦ |
| ૧૬ | છોલે ચણા | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૧૭ | તુવેર | ૮૩૦ | ૧૪૬૫ |
| ૧૮ | કપાસ | ૯૦૦ | ૧૬૦૦ |
| ૧૯ | એરંડા | ૧૧૮૦ | ૧૨૪૫ |
| ૨૦ | જીરૂ | ૨૫૦૦ | ૪૩૫૦ |
| ૨૧ | રાય | ૧૦૯૦ | ૧૦૯૦ |
| ૨૨ | ધાણા | ૧૭૦૦ | ૨૨૬૦ |
| ૨૩ | ધાણી | ૧૫૫૦ | ૩૨૨૦ |

### ફાગણ મહિનામાં જ પ્રકૃતિમાં એક અનોખો રંગ છવાઈ જાય છે

## ગીરના ગામડાઓ અને જંગલ વિસ્તારમાં કેસુડો સોળે કળાએ ખીલી ઉઠયો



ખાંભા, તા. ૨

ધુળેટીનો તહેવાર નજીક આવતાં કેસુડાના ફૂલોનું ખાસ મહત્વ વધે છે. લોકો પરંપરાગત રીતે કેસુડાના ફૂલોનો ઉપયોગ રંગ બનાવવા અને નાના બાળકોને નવરાવવા માટે કરતા હોય છે.ફાગણ માસ શરૂ થતાં જ ખેતરોની આજુ બાજુ અને જંગલ વિસ્તારમાં કેસુડાના વૃક્ષો પર કેસરીયા ફૂલોએ શોભા પાથરી છે. કેસુડો જેને Butea Monosperma તરીકે ઓળખવામાં આવે છે, તે 'ફ્લેમ ઓફ ધ ફોરેસ્ટ' નામે પણ પ્રખ્યાત છે. તેના તેજસ્વી કેસરીયા રંગના ફૂલો ધુળેટીના તહેવારને વધુ રંગીન બનાવે પરંપરાગત રીતે લોકો કેસુડાના ફૂલોને પાણીમાં પલાળી કુદરતી રંગ તૈયાર કરે છે. ખાસ કરીને નાના બાળ કોને આ કેસુડાના પાણીથી નવરાવવામાં આવે છે. માન્યતા મુજબ કેસુડાનું પાણી શરીર માટે લાભદાયી ગણાય છે અને ચામડીના રોગોથી રક્ષણ આપે છે. રાસાયણિક રંગોથી દૂર રહી લોકો હવે ફરીથી કુદરતી રંગોની તરફ વળી રહ્યા છે. કેસુડાનો રંગ માત્ર પરંપરાનું પ્રતિક નથી પરંતુ સ્વાસ્થ્ય માટે પણ ઉપયોગી માનવામાં આવે છે. ફાગણ મહિને કેસુડાની ખુશ્બુ અને તેની છટા પ્રકૃતિને નવજીવન આપે છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૦૦ | ૧૬૧૨ |
| ૨ | મગફળી મીડીયમ | ૧૨૧૦ | ૧૩૬૦ |
| ૩ | મગફળી | ૧૨૧૦ | ૧૩૭૦ |
| ૪ | જીરૂ | ૩૦૩૦ | ૪૨૯૦ |
| ૫ | ચણા | ૧૦૦૫ | ૧૦૩૫ |
| ૬ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૭ | ધાણા | ૧૨૪૫ | ૨૪૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ૨ | મગફળી | ૧૨૨૫ | ૧૨૨૫ |
| ૩ | ઘઉં | ૪૧૭ | ૪૪૮ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૩૧ |
| ૫ | તુવેર | ૧૧૮૬ | ૧૪૫૦ |
| ૬ | ધાણા | ૧૬૫૦ | ૧૮૫૫ |
| ૭ | શીંગદાણા | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૮ | તલ | ૧૪૨૫ | ૧૪૨૫ |
| ૯ | એરંડા | ૧૧૩૫ | ૧૧૩૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૮૬ |
| ૩ | તલ સફેદ | – | ૧૮૧૧ |
| ૪ | જીરૂ | ૩૮૦૦ | ૪૭૨૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૭૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૪૦ |
| ૮ | બાજરો | ૩૫૦ | ૪૭૦ |
| ૯ | જુવાર | ૫૫૦ | ૧૧૦૦ |
| ૧૦ | અડદ | ૭૦૦ | ૯૦૫ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૧૨ | દેશી ચણા | ૧૧૨૦ | ૧૨૩૬ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૩૫ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૨૬૦ |
| ૧૫ | ધાણા | ૧૬૫૦ | ૨૩૫૦ |

### પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદનાં ભટ્ટવદર નજીક

નિપજયાં બાદ ગણતરીની કલાકો બાદ ફરી એક વખત અમરેલી જિલ્લામાં ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર જાફરાબાદ તાલુકાના ભટ્ટવદર ગામ નજીક નેશનલ હાઈવે પર બાઈક અને ટ્રક વચ્ચે થયેલા ભયાનક અથડામણમાં બે યુવાનોના કરૂણ મોત નિપજયાં છે. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ ગઈકાલે મોડી રાત્રે એક બાઈક પર સવાર બે યુવાનો ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર જાફરાબાદ તાલુકાના ભટ્ટવદર ગામ નજીક હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી આવી રહેલા ટ્રક સાથે જોરદાર અકસ્માત થવા પામેલ હતો. આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક યુવાનનું તો ઘટના સ્થળે જ મોત નિપજયું હતું, જયારે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલ બીજા યુવાનને તાત્કાલિક રાજુલા હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર દરમિયાન તેનું પણ મોત થયું હતું.

આ બનાવમાં મૃતકોની ઓળખ નાગેશ્રી ગામના રમેશભાઈ સાંખટ અને મનુભાઈ સાંખટ તરીકે થઈ છે. બંનેના અકાળે નિધનથી પરિવારજનોમાં શોકનો માહોલ છવાયો છે. ઘટના અંગે જાણ થતાં જ પોલીસ તંત્ર દોડી આવી વધુ તપાસ હાથ ધરી છે.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ નેશનલ હાઈવે પર બોકસ કલ્વર્ટનું કામ વર્ષોથી બાકી છે અને તેની જગ્યાએ માટીના પાળા બનાવવામાં આવ્યા છે. આ કારણે છેલ્લા પાંચ વર્ષથી આ વિસ્તારમાં અનેક નાના–મોટા અકસ્માતો બની ચૂકયા છે. સ્થાનિકોએ નેશનલ હાઈવે ઓથોરિટી સામે રોષ વ્યકત કરતાં તાત્કાલિક યોગ્ય સુવિધા અને બોકસ કલ્વર્ટનું કામ શરૂ કરવાની માંગ ઉઠાવી છે.

હાઈવે પર વારંવાર બનતા અકસ્માતો છતાં સંબંધિત વિભાગ નિંદ્રાધીન હોવાના આક્ષેપો ઉઠી રહ્યા છે. લોકોના મતે સમયસર યોગ્ય કામગીરી કરવામાં આવે તો આવી દુર્ઘટનાઓ અટકાવી શકાય. હાલમાં પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૯૪ | ૧૫૩૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૨૦ | ૭૨૦ |
| ૩ | તુવેર | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૪ | એરંડી | ૧૧૭૯ | ૧૧૭૯ |

## જાહેર નોટિસ

મોજે :– બરવાળા બાવીશી, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| બરવાળા બાવીશી, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૧૨૮ | ૨૩૪/૩ | ૧–૨૧–૪૧ | ૧૦.૫ | દડુભાઈ હમીરભાઈ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સ્વતંત્ર નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી દડુભાઈ હમીરભાઈ તીતોસા, રહે. બરવાળા બાવીશી એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને **અમારા અસીલ રામાણી વલ્લભભાઈ જેરામભાઈ રહે. રાજકોટ** વાળા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૦૩/૦૩/૨૦૨૬**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**તે અમારા અસીલની સુચનાથી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૯૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૩૨ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૨૮ | ૫૩૧ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૧૫ |
| ૫ | ધાણા | ૧૪૦૦ | ૧૮૫૧ |
| ૬ | રાય | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | સોયાબીન | ૬૯૫ | ૮૦૧ |
| ૮ | મગફળી | ૧૧૨૦ | ૧૨૦૦ |
| ૯ | તુવેર | ૧૧૦૦ | ૧૩૭૦ |
| ૧૦ | અડદ | ૮૦૦ | ૮૦૦ |
| ૧૧ | ચણા સફેદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૧૩ | શીંગદાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |

## અમરેલીનાં ડો. અશોક પરમારનાં પિતાજીનું અમદાવાદ ખાતે અવસાન થયુ



અમરેલી, તા. ૨

અમદાવાદ નિવાસી નાનાલાલ રણછોડભાઈ પરમાર (ઉં.વ. ૮૪) તે અમરેલીના ડો. અશોકભાઈ પરમાર (આસ્થા હોસ્પિટલ, અમરેલી), સંજયભાઈ તથા મિતેશભાઈના પિતાજી તેમજ નિસર્ગનાં દાદાનું તા. ૧ રવિવારનાં રોજ અમદાવાદ મુકામે અવસાન થયું છે. તેમનું બેસણું તા. ૫ ગુરૂવારના રોજ બપોરનાં ૪ થી ૬ સુધી મહાજન પાર્ટી પ્લોટ, અમરેલી ખાતે રાખેલ છે.

### પાના ૮ ઉપરનું ચાલું શેડુભારમાં રૂપિયા ૧.૨૦ કરોડનાં ખર્ચે

ઉર્જા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ આ તકે જણાવ્યુ કે, એક સમય હતો જયારે શિક્ષણ સુવિધાઓ અપુરતી હતી પરંતુ આજે સમગ્ર રાજયમાં જયાં જુઓ ત્યાં શાળાના નવા બિલ્ડિંગ આકાર પામી રહ્યા છે. ઉપરાંત બાળકોને ગુણવત્તાયુકત શિક્ષાની સાથે સાથે ઉત્તમ સુવિધાઓ પણ મળી રહી છે. રાજયમંત્રીએ ઉમેર્યુ કે, રાજય સરકારે મોટું મન રાખીને ખેડૂતોને રૂા. ૧૦ હજાર કરોડનું કૃષિ રાહત પેકેજ સર્વેની કામગીરી વિના ત્વરાએ આપ્યું હતુ, જે ઐતિહાસિક નિર્ણય હતો. તેમણે અમરેલી તાલુકાને શેડુભાર નજીકમાં જી.આઈ.ડી.સી. મળે તે માટે આશાવાદ વ્યકત કર્યો હતો.

સાંસદ ભરતભાઈ સુતરીયાએ જણાવ્યુ કે, અમે ભણતા ત્યારે રૂપિયો ગાડાના પૈડા જેવડો હતો. શાળાની ઓસરીમાં બેસીને અમે અભ્યાસ કરતા હતા. પરંતુ સમય બદલાયો તેની સાથે સાથે શિક્ષણમાં પણ પરિવર્તન આવ્યું. આજે બાળકો શાળાના અદ્યતન બિલ્ડિંગમાં અભ્યાસ કરીને પોતાના સપનાનું ભવિષ્ય નિર્માણ કરી રહ્યા છે. તેમણે અમરેલીમાં સતત વિકાસકાર્યોની હેલી સર્જવા માટે રાજય સરકાર અને રાજયમંત્રી કૌશિકભાઈ વેકરિયાને અભિનંદન પાઠવ્યા હતા અને ધન્યવાદ વ્યકત કર્યો હતો. અમરેલીના શેડુભાર મુકામે પ્રાથમિક શાળાના નવનિર્મિત અદ્યતન બિલ્ડિંગના લોકાર્પણ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથર, જિલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્યો, શેડુભાર સહતિના આસપાસના ગામના સરપંચો, પંચાયત સભ્યો, બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


સંકુલ ફી સ્ટ્રક્ચર ૨૬–૨૭

| વિગત | વાર્ષિક ફી |
|---|---|
| ગુ.મી. નર્સરી–KG-1-2 | ૪૨૦૦ |
| પ્રાથમિક ધો. ૧ થી ૫ | ૬૨૦૦ |
| ઉચ્ચ પ્રાથમિક ધો. ૬ થી ૮ | ૭૩૦૦ |
| માધ્યમિક ધો. ૯ – ૧૦ | ૮૬૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ આર્ટસ | ૯૯૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ કોમર્સ | ૧૦,૮૦૦ |
| ઉ.મા. ધો. ૧૧–૧૨ સાયંસ | ૩૦,૦૦૦ |
| ઇં.મી. નર્સરી–KG-1-2 | ૬૯૦૦ |
| GSEB ધો. ૧ થી ૫ | ૮૮૦૦ |
| GSEB ધો. ૬ થી ૮ | ૧૦,૮૦૦ |
| GSEB ધો. ૯ – ૧૦ | ૧૨,૮૦૦ |
| GSEB ધો. ૧૧–૧૨ કોમર્સ | ૧૬,૧૦૦ |
| GSEB ધો. ૧૧–૧૨ સાયંસ | ૩૦,૦૦૦ |
| ICSE ધો. ૧ થી ૫ | ૧૦,૬૦૦ |
| ICSE ધો. ૬ થી ૮ | ૧૨,૮૦૦ |
| ICSE ધો. ૯ – ૧૦ | ૧૫,૨૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૬ થી ૮ | ૨૫,૮૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ ધો. ૯ થી ૧૨ | ૨૯,૩૦૦ |
| ગર્લ્સ હોસ્ટેલ FY થી PG | ૩૧,૧૦૦ |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
[illegible]
ગર્લ્સ સંકુલ, ચક્કરગઢ રોડ અમરેલી -Ad212


## જાહેર નોટિસ

મોજે :– બરવાળા બાવીશી, તા. કુંકાવાવ–વડિયા, જિ. અમરેલી

અમો **યોગેશભાઈ ડી.દવે,** (એડવોકેટ એન્ડ નોટરી) આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

| ગામનું નામ | ખાતા નં. | રેવન્યુ સર્વે નં. | હે.આરે. ચો.મી. | આકાર રૂા. | ખાતેદારનું નામ |
|---|---|---|---|---|---|
| બરવાળા બાવીશી, તા. કુંકાવાવ–વડિયા જિ. અમરેલી | ૪૯૬ | ૧૯૫/૩ | ૧–૬૯–૯૭ | ૧૦.૫ | કુંભાણી મનુભાઈ બાવાભાઈ |

ઉપરોકત કોલમ વાળી ખેતીની જમીન અમારા સ્વતંત્ર નામે આવેલ છે, આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલિકી, બિનબોજાની, બિન તકરારી તથા ન દાવા વાળી હોવાનું જણાવી અમારા અસીલશ્રી મનુભાઈ બાવાભાઈ કુંભાણી, રહે. બરવાળા બાવીશી એ વેચાણ રાખવાનું નકિક કરેલ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ હોય કે અન્ય હકક જેમ કે ઉપજ–નીપજ/ખેતી/ગણોત, લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકના કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હકક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ વાંધો–તકરારની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૧૦ (દસ)માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટથી નીચેના સરનામે અચુક જાણ કરવી જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (વેવ) કરેલ છે. તેમ સમજી અને **અમારા અસીલ વલ્લભભાઈ જેરામભાઈ રામાણી રહે. રાજકોટ** વાળા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશ ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૦૩/૦૩/૨૦૨૬**
**સ્થળ : કુંકાવાવ મોટી**

**તે અમારા અસીલની સુચનાથી**

**રહે. કુંકાવાવ મોટી, શારદા ઝેરોક્ષ, શારદા શોપીંગ સેન્ટર,મુ. કુંકાવાવ મોટી, તા. વડીયા, જિ. અમરેલી. મો. ૯૪૨૬૩ ૯૮૯૬૦**

**યોગેશ ડી.દવે**
(એડવોકેટ એન્ડ નોટરી)

# અમરેલીમાં આસ્થા અને ઉત્સાહભેર હોલિકાનુ દહન કરાયુ



અમરેલીમાં આજે નાગનાથ ટ્રસ્ટ અને નાગનાથ યુવક મંડળ દ્વારા નાગનાથ મંદિર નજીક હોલિકા દહન કરાયુ હતું. અને મોટી સંખ્યામાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શહેરમાં ચિત્તલ રોડ, લાઠી રોડ સહિત અનેક વિસ્તારો ઉપરાંત જિલ્લામાં પણ ઠેકઠેકાણે હોલિકા દહન કરવામાં આવ્યુ હતું.



## અમરેલી નાગરિક સહકારી બેંક લિ. અમરેલી

"નાગરિક ભવન" કેરીયા રોડ, અમરેલી – ૩૬૫૬૦૧

## જાહેર નોટીસ

આ જાહેર નોટીસથી નીચે દર્શાવેલ લીસ્ટ મુજબના બેંકના લોન–ડીફોલ્ટરોને સુચના આપવામાં આવે છે કે, લીસ્ટમાં દર્શાવેલ કોલમ નં.૬ ની તેમના નામ સામેની "ચડત રકમ" દિન–૭ માં ભરપાઈ કરી જવી અન્યથા બેંક તમોની સામે વસુલાત અંગેની તમામ કાર્યવાહી તુરંત હાથ ધરશે જેની લાગતા વળગતાઓએ ગંભીર નોંધ લેવી.

### બેંકના બાકીદારોની વિગત દર્શાવતુ લીસ્ટ

| ક્રમ | લોનીનું નામ | લોન ખાતા નં. | સરનામું | તાઃ ૨૭/૦૨/૨૬ ના રોજ કુલ બાકી રૂા. + વ્યાજ | ભરવાપાત્ર ચડત રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | સહારા કન્ટ્ર.પ્રો.રફીકભાઈ સીદીકભાઈ નગરીયા | HYP-665 | કન્યાશાળા પાસે,ટાવર રોડ, અમરેલી. | ૬૦૧૬૦૫૭ | ૬૦૧૬૦૫૭ |
| ૨ | ગાંધી ચશ્મા એન્ડ મોબાઈલ પ્રો..રેહાનાબેન રફીકભાઈ નગરીયા | HYP-668 | ગીરધરભાઈ શોપીંગ સેન્ટર, પોષ્ટ ઓફીસ, અમરેલી. | ૫૯૬૧૧૪૯ | ૫૯૬૧૧૪૯ |
| ૩ | રસીકભાઈ લક્ષ્મણભાઈ સાંગાણી | MCC-23 | 'નવિન નિવાસ', સુખનાથપરા, શેરી નં. ૭, અમરેલી. | ૪૮૯૨૨૮૬ | ૪૮૯૨૨૮૬ |
| ૪ | ભાવેશભાઈ હર્ષદભાઈ અધ્યારૂ | SM-1729 | બન્ને રે.'ચંદ્રમોલી' જડેશ્વરનગર, જલારામનગર પાસે, હનુમાનપરા | ૨૩૯૧૫૬૦ | ૨૩૯૧૫૬૦ |
| ૫ | પારેખ સીલેકશન પ્રો. કૈયુમ ગફારભાઈ પારેખ | HYP-573 | ઈન્દીરા સોપીંગ સેન્ટર, દોલતરાય સ્કુલ પાસે અમરેલી | ૧૮૭૧૦૧૫ | ૧૮૭૧૦૧૫ |
| ૬ | કરીમભાઈ બાબુભાઈ લાખાણી (તે અલી એન્ટરપ્રાઈઝના પ્રો.) | HYP-666 | મીની કસ્બા–૧, શેરી નં. ૧, તારવાડી રોડ, અમરેલી. | ૧૭૨૨૧૬૨ | ૧૭૨૨૧૬૨ |
| ૭ | હસનભાઈ ઉમરભાઈ બ્લોચ | SM-1609 | ગેસ ગોડાઉન પાસે, તારવાડી રોડ,મીની કસ્બા,અમરેલી. | ૧૫૬૮૬૩૫ | ૧૫૬૮૬૩૫ |
| ૮ | તન્જીલાબેન દાનીશભાઈ નગરીયા | SM-1753 | મીર સાહેબની ગલીમાં,અમરેલી. | ૩૮૬૮૯૫૯ | ૧૦૦૦૦૦૦ |
| ૯ | સારીકાબેન સંદિપભાઈ સાગર | SM-1266 | શ્રીનાથજી કોમ્પ્લેક્ષ, સ્ટેશન પ્લોટ, મુ. ધારી | ૮૦૩૧૯૯ | ૮૦૩૧૯૯ |
| ૧૦ | દાનીશભાઈ રફીકભાઈ નગરીયા | HL-50 | મીર સાહેબની ગલીમાં,અમરેલી. | ૩૩૭૭૩૭૨ | ૭૦૦૦૦૦ |
| ૧૧ | ફરદીન અમીનભાઈ ગીગાણી | SM-1707 | મંડોરા શેરી બહારપરા,અમરેલી | ૬૮૫૦૮૪ | ૬૮૫૦૮૪ |
| ૧૨ | સ્વ.દિનેશભાઈ લાલજીભાઈ અકબરીના વારસદારો દયાબેન, ભુમિકાબેન, કૃષ્ણાલભાઈ | SL-13 | તમામ રહે. બ્લોક નં. ૧૨, ગજાનંદ રેસીડેન્સી, રોકડીયાપરા, અમરેલી. | ૬૩૫૧૩૯ | ૬૩૫૧૩૯ |
| ૧૩ | પાર્થ જયસુખભાઈ કારેલીયા | SL-184 | હીરામોતી ચોક, જય અંબે મોટર ગેરેજ, અમરેલી. | ૩૨૭૫૨૧ | ૩૨૭૫૨૧ |
| ૧૪ | બાપા સીતારામ ટ્રાવેલ્સ ના પ્રો. જયંતિભાઈ ગોરધનભાઈ ધાનાણી | CC-246 | સત્યમ બ્લોક નં. ૩, નિલકંઠ નગર, ચકકરગઢ રોડ, અમરેલી. | ૩૨૩૩૭૫ | ૩૨૩૩૭૫ |
| ૧૫ | નિર્મળકુમાર અશોકભાઈ શુકલ | SPL-354 | બ્લોક નં. ૯૦૮, ખોડીયાર સોસાયટી, લીલીયા રોડ, અમરેલી. | ૩૧૫૧૮૨ | ૩૧૫૧૮૨ |
| ૧૬ | મહેબુબભાઈ મજીદભાઈ ડબાવાલા | SL-209 | બટારવાડી,મેમણ કોલોની સામે,અમરેલી. | ૨૫૭૮૯૮ | ૨૫૭૮૯૮ |
| ૧૭ | દિલીપભાઈ મગનભાઈ દેસાઈ | SL-1 | મુ. સાંજણટીંબા, તા. લીલીયા, જિ. અમરેલી. | ૨૩૧૪૬૩ | ૨૩૧૪૬૩ |
| ૧૮ | વસીમભાઈ ફારૂકભાઈ પરમાર | SL-216 | નગીના મસ્જીદ બાપચાવાડ અમરેલી. | ૨૨૭૭૧૧ | ૨૨૭૭૧૧ |
| ૧૯ | પારેખ સન્સ પ્રો. ગફારભાઈ સુલેમાનભાઈ પારેખ | HYP-232 | ઈન્દીરા સોપીંગ સેન્ટર, દોલતરાય સ્કુલ પાસે અમરેલી. | ૨૦૧૪૧૬ | ૨૦૧૪૧૬ |
| ૨૦ | વિજયભાઈ હરજીવનભાઈ ચૌહાણ | SM-1721 | ચકકરગઢ રોડ,બી.કે.ટાંકના ડેલા પાસે,અમરેલી. | ૫૮૩૯૩૬ | ૨૦૦૦૦૦ |
| ૨૧ | મુનાફભાઈ આલમમીયા કાજી | SL-182 | જુમ્મા મસ્જીદ પાસે,જેલ રોડ,અમરેલી. | ૧૮૨૫૩૬ | ૧૮૨૫૩૬ |
| ૨૨ | શાહનવાઝ ઈકબાલભાઈ કુરેશી | SL-263 | શેરી નં. ૨, મીની કસ્બા, તારવાડી અમરેલી. | ૧૭૮૦૩૧ | ૧૭૮૦૩૧ |
| ૨૩ | કૈલાસભાઈ સંપટરાવ મોરે | JB-6887 | રામજી મંદિર પાસે, સરકારવાડા, અમરેલી. | ૧૫૦૪૬૬ | ૧૫૦૪૬૬ |
| ૨૪ | યુવરાજસિંહ દાદુભાઈ જાડેજા | SL-31 | જેશીંગપરા,ગાવડકા રોડ,અમરેલી. | ૧૫૦૨૩૦ | ૧૫૦૨૩૦ |
| ૨૫ | ગોવિંદભાઈ લાભુભાઈ તળાવીયા | SM-1737 | પટેલ વાડી પાછળ, ગજેરાપરા, અમરેલી. | ૭૧૨૨૪૭ | ૧૫૦૦૦૦ |
| ૨૬ | અજયભાઈ લાભુભાઈ તળાવીયા | SM-1764 | પટેલ વાડી પાછળ, ગજેરાપરા, અમરેલી. | ૧૧૯૩૨૬૦ | ૧૫૦૦૦૦ |
| ૨૭ | ફીરોજભાઈ કાદરભાઈ કુરેશી | JB-7025 | જીવાપરા રોડ,વાંઝા બોર્ડિંગ પાસે,અમરેલી. | ૧૩૪૪૧૯ | ૧૩૪૪૧૯ |
| ૨૮ | આશીફભાઈ આરીફભાઈ ડબાવાલા | SL-78 | સવજીપરા રોડ,નગીના મસ્જીદ પાછળ,અમરેલી. | ૧૧૨૯૮૪ | ૧૧૨૯૮૪ |

| ક્રમ | લોનીનું નામ | ખાતા નં. | સરનામું | તાઃ ૨૮/૦૨/૨૫ ના રોજ કુલ બાકી રૂા. + વ્યાજ | ભરવાપાત્ર ચડત રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૨૯ | પ્રદિપ નરેશભાઈ વાઘેલા | JB-7294 | અવધ હોટલ સામે માર્કેટ યાર્ડ રોડ અમરેલી. | ૧૦૯૩૭૯ | ૧૦૯૩૭૯ |
| ૩૦ | મુસ્તાકભાઈ આલમમીયા કાજી | JB-7394 | જુમ્મા મસ્જીદ પાસે,જેલ રોડ,અમરેલી. | ૧૦૫૬૩૯ | ૧૦૫૬૩૯ |
| ૩૧ | ભરતભાઈ ખોડાભાઈ ભુવા | JB-6719 | પટેલ કન્યા છાત્રાલય પાસે, મુ. મોટા લીલીયા. | ૧૦૨૨૨૫ | ૧૦૨૨૨૫ |
| ૩૨ | કીરીટભાઈ હસમુખભાઈ રાઠોડ | JB-7173 | ગાયત્રી સોસાયટી, બટારવાડી ,અમરેલી. | ૧૦૦૭૮૬ | ૧૦૦૭૮૬ |
| ૩૩ | શાહિલ ઈકબાલભાઈ કુરેશી | SM-1801 | શેરી નં. ૨ તારવાડી રોડ, ગની મસ્જીદ પાસે, અમરેલી | ૬૨૩૪૦૧ | ૧૦૦૦૦૦ |
| ૩૪ | શૈલેષભાઈ નાથાલાલ ઉકાણી | SL-341 | બ્લોક નં. ૧૭,૧૮, હરિવીહાર સોસાયટી, લીલીયા રોડ અમરેલી. | ૩૨૮૭૨૯ | ૧૦૦૦૦૦ |
| ૩૫ | સંદિપ નરેશભાઈ વાઘેલા | JB-7295 | અવધ હોટેલ સામે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી. | ૯૭૯૨૦ | ૯૭૯૨૦ |
| ૩૬ | ફૈજલ રજાકભાઈ લીલા | SL-147 | ખડ પીઠ,જુની સબ જેલ પાછળ, અમરેલી. | ૯૫૨૧૬ | ૯૫૨૧૬ |
| ૩૭ | વાહીદભાઈ જીકરભાઈ મુસાણી | SL-199 | સોની સાહેબની બાજુમાં,બટારવાડી,અમરેલી. | ૯૩૧૧૦ | ૯૩૧૧૦ |
| ૩૮ | દિપકભાઈ ગોરધનભાઈ ડાભી | JB-7325 | નવી વસાહત એરપોર્ટ પાછળ,ચિતલ રોડ,અમરેલી. | ૮૮૩૮૪ | ૮૮૩૮૪ |
| ૩૯ | ભરતભાઈ મધુભાઈ કાબરીયા | JB-7400 | સરદારનગર શેરી નં. ૩, ચકકરગઢ રોડ અમરેલી. | ૮૨૬૪૬ | ૮૨૬૪૬ |
| ૪૦ | સલીમભાઈ હસનભાઈ હમજા | JB-7030 | મીની કસ્બા, શેરી નં. ૧, તારવાડી રોડ, અમરેલી. | ૭૮૨૮૮ | ૭૮૨૮૮ |
| ૪૧ | અકીલ હુશેનભાઈ પરમાર | JB-7373 | વલી હાજીનુ નાકં,ટાવર રોડ,અમરેલી. | ૬૧૪૯૭ | ૬૧૪૯૭ |
| ૪૨ | પ્રફુલાબેન કેશવલાલ નિમાવત | JB-7368 | નવી વસાહત યોગીનગર,મું.ધારી. | ૬૦૮૦૦ | ૬૦૮૦૦ |
| ૪૩ | નરેશભાઈ પોપટભાઈ વાઘેલા | JB-7268 | અવધ હોટલ સામે, માર્કેટ યાર્ડ રોડ, અમરેલી | ૫૩૬૨૯ | ૫૩૬૨૯ |
| ૪૪ | સ્વ.મુકેશભાઈ બચુભાઈ બગથલીયાના વારસદારો આશાબેન અને ધવલભાઈ | JB-7396 | સરદારનગર શેરી નં.૫, ચકકરગઢ રોડ અમરેલી | ૫૨૪૬૩ | ૫૨૪૬૩ |
| ૪૫ | તસ્લીમબેન સમીરભાઈ પરમાર | JB-7009 | બટારવાડી, ચાંદની ચોક, અમરેલી. | ૫૦૭૭૭ | ૫૦૭૭૭ |
| ૪૬ | ગુલામરસુલ પીરમીયા સૈયદ | SL-265 | જીવાપરા,ફકરૂદીન લાતી પાસે,રંગીલા પાન,રૂપમ ટોકીઝ રોડ,અમકરેલી. | ૨૨૦૨૪૬ | ૫૦૦૦૦ |
| ૪૭ | નરેશભાઈ પાંચાભાઈ સુસરા | HL-57 | પ્રતાપપરા અમરેલી. | ૩૯૨૫૧૨ | ૫૦૦૦૦ |
| ૪૮ | ઈન્દુબેન નરેશભાઈ વાઘેલા | JB-7271 | અવધ હોટલ સામે,માર્કેટ યાર્ડ રોડ, અમરેલી. | ૪૮૭૭૩ | ૪૮૭૭૩ |
| ૪૯ | પ્રતિક અરવિંદભાઈ ભાલાળા | JB-2044 | મું જસવંતગઢ ચિતલ | ૪૮૩૮૨ | ૪૮૩૮૨ |
| ૫૦ | ચંદ્રેશભાઈ હકુભાઈ ધરજીયા | JB-7115 | શેરી ન. ૧,હનુમાનપરા, અમરેલી | ૨૮૭૭૮ | ૨૮૭૭૮ |
| ૫૧ | ફૈજલ સલીમભાઈ હમજા | JB-7139 | શેરી ન. ૧,તારવાડી રોડ, મીની કસ્બા, અમરેલી. | ૨૪૪૦૫ | ૨૪૪૦૫ |
| ૫૨ | રમેશભાઈ ગોવિંદભાઈ પરમાર | JB-7417 | મ્યુનીસીપાલીટી કવાટર્સ, સાવરકુંડલા રોડ, અમરેલી | ૫૭૮૪૧ | ૨૦૦૦૦ |
| ૫૩ | અશ્વિનભાઈ બાબુભાઈ પરમાર | HL-23 | કુંભારવાડા–૨, જેશીંગપરા અમરેલી. | ૧૨૭૬૯૩ | ૨૦૦૦૦ |
| ૫૪ | સોનલબેન ગૌરાંગભાઈ મોરી | JB-7361 | ગીરીરાજનગર, ઓમનગર મેઈન રોડ, ખોડીયાર પાન સામે | ૧૬૮૯૬ | ૧૬૮૯૬ |
| ૫૫ | દિનેશભાઈ મનસુખભાઈ ગોંડલીયા | JN-2471 | પટેલ વાડી પાછળ, ગજેરાપરા, અમરેલી. | ૧૪૬૦૪ | ૧૪૬૦૪ |

**નોંધ : ઉપરોકત આંકડાઓમાં પ્રિન્ટીંગ ભુલ હશે તો, બેંકના કોમ્પ્યુટર મુજબની બેલેન્સ માન્ય ગણાશે.**

સ્થળ: અમરેલી
તારીખ: ૦૨/૦૩/૨૦૨૬

**(એ.એમ.નાકરાણી)**
રીકવરી ઓફિસર
અમરેલી નાગરિક સહકારી બેંક લી.
અમરેલી.

**(એસ.એ. રાજપરા)**
મેનેજર
અમરેલી નાગરિક સહકારી બેંક લી.
અમરેલી.

**(ડી. વી. ધોરાજીયા)**
એમ.ડી./સી.ઈ.ઓ
અમરેલી નાગરિક સહકારી બેંક લી.
અમરેલી.

